dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 252 | AD - 2026, Jeth Sud -04 | Thursday, Dt. 18-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## વૈશ્વિક અશાંતિના કારણે નિર્દોષ ભારતીયોએ પોતાના જીવ ગુમાવવા પડ્યા

# ફ્રાન્સમાં જી-૭ની બેઠકમાં ટ્રમ્પની હાજરીમાં પીએમ મોદીએ નાવિકોનો મુદ્દો ઉઠાવ્યો



પેરીસ,,તા.૧૭

ફ્રાન્સના એવિયનમાં યોજાયેલી G-૭ સમિટમાં મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાજરી આપી હતી. આ સમિટના આઉટરીચ સત્ર દરમિયાન પીએમ મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એકબીજાની બાજુમાં બેઠેલા જોવા મળ્યા હતા. છેલ્લા ૧૬ મહિનામાં બંને નેતાઓ વચ્ચેની આ પ્રથમ મુલાકાત હતી. આ બેઠક દરમિયાન ટ્રમ્પની સામે પીએમ મોદીએ નાવિકોની સુરક્ષાનો મહત્વનો મુદ્દો ઉઠાવતા ચિંતા વ્યક્ત કરી હતી કે વૈશ્વિક અશાંતિના કારણે નિર્દોષ ભારતીયોએ પોતાના જીવ ગુમાવવા પડ્યા છે.G-૭ સમિટના મુખ્ય સત્રને સંબોધતા પીએમ મોદીએ જણાવ્યું હતું કે આજનું વિશ્વ ભૂતકાળ કરતાં ઘણું વધુ એકબીજા સાથે જોડાયેલું અને પરસ્પર નિર્ભર બન્યું છે. વર્તમાન સમયમાં કોઈ પણ દેશની ઊર્જા સુરક્ષા, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય સુરક્ષા, સાયબર સુરક્ષા કે આર્થિક સમૃધ્ધિ માત્ર તેની ભૌગોલિક સરહદો સુધી મર્યાદિત રહી નથી. વૈશ્વિક સ્તરે ગતિશીલતા, ડેટા, મૂડી અને અદ્યતન ટૅક્નોલૉજી આપણને પરસ્પર જોડે છે અને આવા સંજોગોમાં આંતરરાષ્ટ્રીય ભાગીદારીનું મહત્વ સ્વાભાવિક રીતે ખૂબ વધી જાય છે. જોકે, આવી ભાગીદારી ત્યારે જ સફળ થઈ શકે છે જ્યારે તેના મૂળમાં પરસ્પર અડગ વિશ્વાસ હોય. આજે વિશ્વ માટે સૌથી મહત્વપૂર્ણ વ્યૂહાત્મક સંપત્તિ કોઈ ખનિજો, ટૅક્નોલૉજીઓ કે બજારો નથી, પરંતુ દેશો વચ્ચેનો પરસ્પર વિશ્વાસ છે. તેમણે ઊંડો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભવિષ્યમાં ટૅક્નોલૉજી અને સપ્લાય ચેઈનનો ઉપયોગ કોઈ દેશ વિરુધ્ધ શસ્ત્ર તરીકે કરવાને બદલે સમગ્ર વૈશ્વિક ભલા માટે કરવામાં આવશે જેથી વિકાસની તકો માત્ર થોડા શક્તિશાળી દેશો સુધી મર્યાદિત ન રહેતા તમામ દેશોની આકાંક્ષાઓ પૂરી કરી શકે.વૈશ્વિક શાંતિ અને ઈતિહાસનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે છેલ્લી સદીમાં માનવતાએ બે ભયાનક વિશ્વયુધ્ધોનો સામનો કરવો પડ્યો હતો. તે સમયે અસંખ્ય બલિદાનો આપ્યા બાદ વૈશ્વિક સમુદાયે શાંતિ, સ્થિરતા અને સમૃધ્ધિના માર્ગે આગળ વધવા માટે કેટલીક આંતરરાષ્ટ્રીય પ્રણાલીઓ વિકસાવી હતી જે સંપૂર્ણપણે પરસ્પર વિશ્વાસ પર આધારિત હતી. પરંતુ ઘણી પેઢીઓના સામૂહિક યોગદાન દ્વારા દાયકાઓથી ઉભો થયેલો આ વિશ્વાસ આજે ડગમગી રહ્યો છે. કોવિડ મહામારીએ દુનિયાને સ્પષ્ટપણે બતાવી દીધું છે કે વૈશ્વિક વિશ્વાસ અને એકતાના મોટા-મોટા દાવાઓ વાસ્તવમાં કેટલા પોકળ હતા. આજની દુનિયા માત્ર ભૌતિક સંસાધનોની અછત સાથે નહીં, પરંતુ મુખ્યત્વે પરસ્પર વિશ્વાસના ગંભીર અભાવ સાથે સંઘર્ષ કરી રહી છે અને આપણી વૈશ્વિક ભાગીદારીનું ભવિષ્ય સંપૂર્ણપણે આ વિશ્વાસની પુન:સ્થાપના પર નિર્ભર છે. આ દ્વિપક્ષીય વાટાઘાટો અને ચર્ચા દરમિયાન પીએમ મોદીએ હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસના વિસ્તારોમાં ભારતીય નાવિકોના કરુણ મોત અંગે અત્યંત કડક વલણ અપનાવ્યું હતું. તેમણે જણાવ્યું કે ભારત પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવાના પ્રયાસોમાં થયેલી પ્રગતિનું હાર્દિક સ્વાગત કરે છે.

# દેશના ૧૨ રાજયમાં ક્યાંક વાવાઝોડા સાથે વરસાદની આગાહી તો ક્યાંક હીટવેવનો પ્રકોપ

નવી દિલ્હી,તા. ૧૭

દેશમાં હવામાનના બે અલગ-અલગ મિજાજ જોવા મળી રહ્યા છે. હવામાન વિભાગ (IMD) અનુસાર, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું તેલંગાણા, ઓડિશા, બિહાર અને ઝારખંડ તરફ આગળ વધી રહ્યું છે. ૧૮થી ૨૦ જૂન દરમિયાન બિહાર અને ઝારખંડમાં ભારે વરસાદની શક્યતા છે, જ્યારે પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને અસામ સહિત ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ૨૨ જૂન સુધી મુશળધાર વરસાદ પડી શકે છે. રાજસ્થાન અને પશ્ચિમ બંગાળ માટે તોફાન અને ભારે વરસાદનું 'ઓરેન્જ એલટ' જારી કરાયું છે. પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતાં મેદાની વિસ્તારોમાં વાવાઝોડું આવી શકે છે.

બીજી તરફ, ઉત્તર પ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, વિદર્ભ અને છત્તીસગઢમાં ૧૮ જૂને તીવ્ર ગરમીનું મોજું (હીટવેવ) આવવાની સંભાવના છે. આંધ્રપ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૨૦ જૂન સુધી હવામાન ગરમ અને અતિશય ભેજવાળું રહેશે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આંશિક વાદળછાયું આકાશ રહેશે અને બપોર પછી ગાજવીજ સાથે હળવો વરસાદ પડી શકે છે, જ્યાં મહત્તમ તાપમાન ૩૫° સેલ્સિયસ સુધી પહોંચવાની સંભાવના છે.






# ભારતે અફઘાનિસ્તાનને પાંચ ટન આવશ્યક દવાઓનો જથ્થો મોકલ્યો



નવી દિલ્હી,તા.૧૭

ભારતે ફરી એકવાર 'પડોશી પહેલા' (નેબરહુડ ફર્સ્ટ) નીતિ અંતર્ગત અફઘાનિસ્તાનને ૫ ટન આવશ્યક દવાઓનો વધારાનો જથ્થો મોકલીને માનવતાવાદી સહાય પૂરી પાડી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક્સ (X) પર આ જાહેરાત કરતાં જણાવ્યું કે, આ સહાય અફઘાનિસ્તાનના લોકોની સુખાકારી પ્રત્યે ભારતની પ્રતિબધ્ધતા દર્શાવે છે. સોશિયલ મીડિયા પર ભારતની આ પહેલની વ્યાપક પ્રશંસા થઈ રહી છે, જોકે કેટલાક પાકિસ્તાન સમર્થકો આનાથી નારાજ દેખાયા છે.


ભારત મુશ્કેલ સમયમાં હંમેશા અફઘાનિસ્તાન, નેપાળ, માલદીવ અને શ્રીલંકા જેવા પડોશી દેશોની પડખે ઊભું રહ્યું છે. ચાલુ વર્ષે જ એપ્રિલ ૨૦૨૬માં ભારતે અફઘાનિસ્તાનને ૩ ટન પૂર રાહત સામગ્રી મોકલી હતી, જ્યારે મે મહિનામાં બાળ રસીકરણ અભિયાન માટે ૩૩ ટન રસીનો પુરવઠો પૂરો પાડ્યો હતો. આ ઉપરાંત, તાજેતરમાં જ ત્યાંની આરોગ્ય વ્યવસ્થાને મજબૂત કરવા માટે વેન્ટિલેટર અને કાર્ડિયોગ્રાફ જેવા આધુનિક તબીબી સાધનો પણ મોકલવામાં આવ્યા છે, જે દર્શાવે છે કે ભારત વૈશ્વિક સ્તરે એક જવાબદાર પડોશી તરીકેની પોતાની ફરજ સતત નિભાવી રહ્યું છે.

# ટેલિગ્રામ પરના પ્રતિબંધ સામે હાઈકોર્ટમાં કરાઈ અરજી : તાત્કાલિક સુનાવણી મંજૂર

નવી દિલ્હી,તા.૧૭



નીટ (NEET UG) પુન:પરીક્ષા પહેલાં કેન્દ્ર સરકારે ટેલિગ્રામ એપ પર ૨૪ કલાકનો કામચલાઉ પ્રતિબંધ લાદ્યો છે, જેને કંપનીએ દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો છે. હાઈકોર્ટે આ મામલે તાત્કાલિક સુનાવણીની અપીલ મંજૂર કરી છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની ભલામણ પર પેપર લીક અને છેતરપિંડી રોકવા માટે આ પગલું લેવાયું હતું. ગૂગલ અને એપલે પણ આ એપને પ્લેસ્ટોર પરથી હટાવી દીધી છે. સરકારે ટેલિગ્રામને ૩૦ જૂન સુધી મેસેજ એડિટિંગ સુવિધા બંધ કરવા પણ જણાવ્યું છે, કારણ કે આ સુવિધાનો દુરુપયોગ કરીને જૂના ટાઈમસ્ટેમ્પ સાથે નકલી પેપર લીકના પુરાવા ઊભા કરાતા હતા. ટેલિગ્રામના સીઈઓ પાવેલ દુરોવે આ નિર્ણયની ટીકા કરતાં કહ્યું કે, આનાથી ૧૫ કરોડથી વધુ ભારતીય વપરાશકર્તાઓને નુકસાન થશે.





## અમરેલી પોલીસ દ્વારા વાહનોનુ સઘન ચેકિંગ



અમરેલી પોલીસ દ્વારા શહેરમાં વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતુ. જેમાં પીએસઆઈ જે.કે.પાંડવ, એએસઆઈ પ્રકાશભાઈ ગામીત, સંજયભાઈ મારૂ, અશોકસિંહ મોરી સહિતના પોલીસ કર્મચારીઓએ વાહોનોની તલાશી લઈ શંકાસ્પદ વસ્તુઓની ચકાસણી કરી હતી.

# સાવરકુંડલાના મેરિયાણા ગામ નજીક ફેન્સિંગ તારમાં ફસાઈ સિંહબાળનું મોત

અમરેલી,તા.૧૭



અમરેલી જિલ્લામાં સિંહો સહિતના વન્યપ્રાણીઓની સંખ્યામાં સતત વધારો થતાં તેઓ હવે જંગલ વિસ્તાર છોડીને માનવ વસવાટ અને ખેતીવાડી વિસ્તારો તરફ આવવા લાગ્યા છે. આવી સ્થિતિમાં સાવરકુંડલા તાલુકાના મેરિયાણા ગામ નજીક આવેલી એક વાડીમાં આશરે છ માસના સિંહબાળનું ફેન્સિંગના તારમાં ફસાઈ જવાથી કરુણ મોત નીપજ્યું હતું.માહિતી મુજબ, સિંહબાળ વાડીની આસપાસ લગાવવામાં આવેલા ફેન્સિંગના તારમાં ગંભીર રીતે ફસાઈ ગયું હતું. ઘટનાની જાણ થતાં જ સાવરકુંડલા રેન્જના વન અધિકારીઓ અને કર્મચારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. સિંહબાળને બચાવવા માટે ફેન્સિંગનો તાર દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી, પરંતુ તાર ગળાના ભાગે સખત રીતે વીંટળાઈ જતાં તેનું શ્વાસ રૂંધાઈ ગયું હતું. પરિણામે તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. વન વિભાગે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યો છે. સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે, જેના કારણે સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે.

# બાબાપુર નજીક જવાહર નવોદય વિદ્યાલયમાં ધો.૧૧માં પ્રવેશ અંગે

અમરેલી,તા.૧૭



અમરેલીના બાબાપુર નજીક આવેલા જવાહર નવોદય વિદ્યાલયમાં ધો.૧૧ની ખાલી બેઠકો પર પ્રવેશ માટે ઈચ્છુક અને પાત્ર વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

વેશ ધો.૧૦ની બોર્ડ પરીક્ષાના પરિણામની મેરિટના આધારે આપવામાં આવશે. ઈચ્છુક વિદ્યાર્થીઓ વેબસાઈટ ખોલી જરૂરી દસ્તાવેજો સાથે જવાહર નવોદય વિદ્યાલય અમરેલીના કાર્યાલયમાં જમા કરાવવા અનુરોધ કરાયો છે.

# અમરેલી જિલ્લા વ્યાયામ સંઘના પ્રમુખપદે મનોજ મહીડાની વરણી

બગસરા,તા.૧૭

અમરેલી સર્કિટ હાઉસ ખાતે અમરેલી જીલ્લા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વ્યાયામ સંઘની કારોબારી બેઠક શ્રી પી. ડી. મિયાણીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ મહત્વપૂર્ણ બેઠકમાં જીલ્લા વ્યાયામ સંઘની નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી, જેમાં નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ



મનોજભાઈ મહિડા (બગસરા) મંત્રી બિપિનભાઈ રાઠોડ (સાવરકુંડલા),ઉપપ્રમુખ તરીકે ગીતાબેન સોજીત્રા,રોહિતભાઈ મહેતા,કિશોરભાઈ વરુ, મનુભાઈ શિયાળ સહમંત્રી તરીકે દિનેશભાઈ ચાવડા ,પંકજભાઈ ઝનકાટની નિમણૂક કરવામાં આવી હતી.ઉપરોક્ત તમામ હોદ્દેદારોની વરણી બેઠકમાં હાજર સભ્યો દ્વારા સર્વાનુમતે કરવામાં આવી હતી. વ્યાયામ સંઘની આ નવી ટીમને અમરેલી જીલ્લાના તમામ આચાર્ય સંઘ, માધ્યમિક શિક્ષક સંઘ, ઉચ્ચ માધ્યમિક શિક્ષક સંઘ સહિતના વિવિધ શૈક્ષણિક મંડળો અને સંઘો દ્વારા ઉષ્માભેર આવકારવામાં આવી છે અને આગામી કાર્યકાળ માટે વિશેષ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# અમરેલી જિલ્લાના ખેડૂતોને નર્મદાનું પાણી સમયસર આપવા ભાજપ કિસાન મોરચાની ઉગ્ર માંગ

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લાના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું અને સમયસર પાણી મળી રહે તે માટે જિલ્લા ભાજપ કિસાન મોરચા દ્વારા સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવામાં આવી છે. નર્મદા યોજનાનું પાણી ખેડૂતો સુધી વહેલી તકે પહોંચે અને ખેડૂતોને હાલની વિકટ પરિસ્થિતિમાંથી રાહત મળે તે હેતુસર જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી છે. હાલ નર્મદા કેનાલ વિસ્તારમાં રીપેરિંગની કામગીરી ચાલી રહી છે. ખેડૂતોની લાગણી, જરૂરિયાત અને આવનારી વાવણીને ધ્યાનમાં રાખીને આ કામગીરી ઝડપથી પૂર્ણ કરી નર્મદાનું પાણી છોડવામાં આવે તો જિલ્લાનાં હજારો ખેડૂતોને સીધો લાભ મળશે અને કૃષિ ઉત્પાદનને પણ નવી દિશા મળશે.

# આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની બેઠકમાં સ્થાપના દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમોની જાહેરાત

અમરેલી,તા.૧૭

તા. ૧૪જૂન, ૨૦૨૬ના રોજ જેસીગપરા ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ, રાષ્ટ્રીય મહિલા પરિષદ, ઓજસ્વિની, રાષ્ટ્રીય વિદ્યાર્થી પરિષદ અને રાષ્ટ્રીય મજૂર પરિષદની સંયુક્ત બેઠક યોજાઈ હતી. બેઠકનું અધ્યક્ષસ્થાન આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ મા. ગજેરા સાહેબે સંભાળ્યું હતું. આ પ્રસંગે સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી. નિર્મળભાઈ ખુમાણે જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપના દિવસ નિમિત્તે તા. ૨૧ જૂનથી ૫ જુલાઈ, ૨૦૨૬ સુધી વિવિધ ધાર્મિક, સામાજિક અને સંગઠનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.



રાષ્ટ્રીય વિદ્યાર્થી પરિષદના મહામંત્રી મજબૂતભાઈ બસિયાએ અમરેલી જિલ્લામાં ૨૦૦ નવા હનુમાન ચાલીસા કેન્દ્રો શરૂ કરવાની યોજના અંગે માહિતી આપી અને સંગઠનના વિસ્તરણ માટે સતત પ્રવાસ જરૂરી હોવાનું જણાવ્યું. બેઠકમાં ડૉ. દેસાણી, સુરેશભાઈ સોલંકી, દદુભાઈ ખાચર, મહેશભાઈ સોલંકી, ડી. ભાઈ બામટા, જીગ્નેશભાઈ કયાડા, હિતેશભાઈ જોષી, ઉદયસિંહ રાજપૂત, વંદનાબેન ભટ્ટ, ઉષાબેન સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન અમરેલી જિલ્લા વેપારી મંડળના હોદ્દેદારોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

સંકુલ KG થી ૧૦ પ્રવેશ ચાલુ
૬ થી ૧૦ ગર્લ્સ સ્કૂલ બપોર
૬ થી ૧૦ મિશ્ર સ્કૂલ સવાર
૬ થી ૧૦ EM સ્કૂલ સવાર
૬ - ૭ જ્ઞાનશક્તિ ગર્લ્સ સવાર
૧ થી ૫ કન્યા કુમાર સવાર
૧ થી ૫ કન્યા કુમાર બપોર
૧ થી ૫ EM સ્કૂલ સવાર
નર્સરી KG ૧-૨ GM સવાર
નર્સરી KG ૧-૨ GM બપોર
નર્સરી KG ૧-૨ EM સવાર
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી- Ad110

# સાવરકુંડલામાં ધર્મનાથ પ્રભુના જિનાલયે ૧૭૫મી સાલગિરહ નિમિત્તે ધ્વજારોહણ મહોત્સવ યોજાશે

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલામાં ધર્મનાથ પ્રભુના જિનાલયની ૧૭૫મી સાલગિરહની ઉજવણી નિમિત્તે તપાગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્નો પૂજ્ય આચાર્ય શ્રી વિજય જિનદર્શનસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય આચાર્ય શ્રી વિજય યોગરતિસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણાનું આગમન થયું હતું. સાવરકુંડલા જૈન સંઘના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ મહેતાના નેજા હેઠળ સંઘના



શ્રાવક-શ્રાવિકાઓએ તેમનું સ્વાગત કરીને ધર્મલાભ મેળવ્યો હતો. પ્રવચનમાં પૂજ્ય મહારાજ સાહેબે જણાવ્યું હતું કે, ‘‘પ્રભુભક્તિ દ્વારા આત્માની નિર્મળતા પ્રાપ્ત થાય છે અને જીવનમાંથી પાપમતિનો નાશ થાય છે. જીવનમાં જેટલો પાપભાવ દૂર થશે, એટલી જ પ્રભુભક્તિ સાર્થક બનશે.’’ ૨૦-૦૬-૨૦૨૬, શનિવારના રોજ આ ના જિનાલયની ૧૭૫મી સાલગિરા નિમિત્તે ભવ્ય ધ્વજારોહણ મહોત્સવ યોજાશે.

# લીલીયામાં ખેત બચાઓ અભિયાન તાલીમનું અને રેલીનું આયોજન

અમરેલી,તા.૧૭

અમરેલીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ૧૨ જુનના રોજ મોટા લીલીયા ગામે કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાં ડો. મિનાક્ષી કે. બારીયાનાં માર્ગદર્શનમાં ખેડુતોની તાલીમનું આયોજન કરાયું હતું. જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના જૈવિક ઉત્પાદનનાં વેચાણ જેવા કે ગીર સાવજ ટ્રાયકોડર્મા અને બ્યુવેરીયા તથા જમીન અને પાણીના પૃથ્થકરણ વિશે તથા કૃષિ યુનીવર્સિટીની ભલામણ મુજબ યોગ્ય માત્રામાં, યોગ્ય સમયે અને યોગ્ય પધ્ધતિથી ખાતરનો સંતુલિત ઉપયોગ કરવા અંગે ખેડૂતોને સમજાવ્યું હતું. વિષય નિષ્ણાત ડો. નેહા તિવારી દ્વારા પ્રાકૃતિક ખેતીના આયામો અને પ્રાકૃતિક ઉત્પાદનના મુલ્યવર્ધન વિશે વાત કરી હતી. ખેત બચાઓ અભિયાન અંતર્ગત વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં ખેડૂત બહનોએ ભાગ લીધો. આ રેલીનો હેતુ કૃષિ જમીનના સંરક્ષણ, કુદરતી સંસાધનોના સંવર્ધન અને ઉત્પાદનક્ષમતા તથા પર્યાવરણીય ટકાઉપણામાં સુધારો લાવવા માટે



વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે જાગૃતિ ફેલાવાનો હતો.




Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.121/2026
જન્મ તારીખ : 12/06/2000

શ્રી રતનબેન મેરૂભાઈ ચુડાસમા,
રહે.મીતીયાજ, ગામ-મીતીયાજ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત - માલગામ, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી રતનબેન મેરૂભાઈ ચુડાસમા, રહે.મીતીયાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી મેરૂભાઈ મસરીભાઈ ચુડાસમા તથા રતનબેન મેરૂભાઈ ચુડાસમા ના પુત્રી વર્ષાબેન મેરૂભાઈ ચુડાસમાનો જન્મ તારીખ.12/06/2000ના રોજ કોડીનાર તાલુકાના માલગામ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૦/૦૩/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# અમરેલી જિલ્લા પ્રા. શિક્ષક સંઘની રજૂઆતોનો સુખદ અંત: પડતર પ્રશ્નોનું કરાયું નિરાકરણ

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષકોના વિવિધ પડતર પ્રશ્નો અને માગણીઓ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. સંઘના પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા, મહામંત્રી રસિકભાઈ મહેતા અને પ્રવિણભાઈ કસવાળાની આ રજૂઆતો પર વહીવટી તંત્રએ હકારાત્મક અભિગમ દાખવી ઝડપી નિરાકરણ


તસવીર : હાર્દિક બામટા

લાવ્યું છે.આ નિર્ણય અંતર્ગત વેકેશન દરમિયાન કામ કરનાર શિક્ષકોની પ્રાપ્ત રજાઓ જિલ્લા કક્ષાએથી જ જમા કરાવવા તમામ તાલુકાઓમાં સૂચના આપી દેવાઈ છે. આ ઉપરાંત HTAT આચાર્યોની કામગીરીનું યોગ્ય આયોજન, NPS અને OPS યોજના હેઠળ બાકી ખાતા નંબરો ફાળવવાની પ્રક્રિયા તેમજ વાહન ભથ્થાની દરખાસ્તોને તાલુકા કક્ષાએથી મંજૂરી આપવામાં આવી છે. નિવૃત્ત શિક્ષકોના જૂથ વીમા અને જિલ્લા ફેર બદલીના કિસ્સાઓમાં પણ ઝડપી કાર્યવાહી કરાઈ છે. તમામ સંવેદનશીલ પ્રશ્નોનું ટૂંકા સમયમાં સુખદ નિરાકરણ લાવવા બદલ શિક્ષક સંઘે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીનો આભાર માન્યો છે.

# અમરેલીમાં TET પરીક્ષાના મુદ્દે શિક્ષકોનો શંખાનદ: હિત અને ન્યાય માટે ધરણા

અમરેલી,તા.૧૭

TET પરીક્ષાના વિવિધ પડતર પ્રશ્નો અને શિક્ષકોના હક્કો માટે આજે અમરેલી ખાતે એક વિશાળ એક દિવસીય ધરણા કાર્યક્રમ યોજાયો હતો. અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ પ્રેરિત અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આ આયોજન કરાયું હતું, જે



શિક્ષકોની અભૂતપૂર્વ એકતાનું પ્રતીક બન્યું હતું.આ કાર્યક્રમમાં રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના કોષાધ્યક્ષ મહેન્દ્રભાઈ વિંછીયા, અમરેલી જિલ્લા પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા, મહામંત્રી રસિકભાઈ મહેતા, પ્રવીણભાઈ કસવાળા અને રાજ્યના હોદેદાર ભાવનાબેન પટેલ સહિત ૧,૦૦૦થી વધુ શિક્ષકોએ ઉપસ્થિત રહી સિંહનાદ કર્યો હતો. જિલ્લા પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા અને મહામંત્રી રસિકભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, શિક્ષક હિત એ જ આપણું પરમ ધ્યેય છે. તેમણે આહવાન કર્યું કે જો સરકાર દ્વારા પડતર પ્રશ્નો અંગે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી સમયમાં વધુ ધારદાર અને નિર્ણાયક લડત આપવામાં આવશે.

## અવસાન નોંધ

**રાજકોટ**

ગં.સ્વ.ઉજીબેન વાલાજીભાઈ નાથાણીનું તા.૧૪/૦૬/૨૦૨૬ને રવિવારના રોજ રામચરણ પામેલ છે. તેમનું સદગતનું બેસણુ તા.૧૮/૦૬/૨૦૨૬ને ગુરૂવારના રોજ બપોરે ૪થી ૬ કલાકે પટેલવાડી, યુનિટ નં.૧, ભાવનગર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. લી. સ્વ.વાલજીભાઈ રામજીભાઈ નાથાણી, હેમંતભાઈ વાલજીભાઈ નાથાણી, હરિભાઈ વાલજીભાઈ નાથાણી.

**સાવરકુંડલા**

સ્વ.વીરા જીગ્નેશભાઈ સૂચક (ઉ.વ.૮)નું તા:૧૬/૬/૨૦૨૬ ને મંગળવાર ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે દિલીપભાઈ પાનાચંદભાઈ સૂચકના પૌત્રી અને અલ્પેશભાઈ દિલીપભાઈ સૂચકની ભત્રીજી અને જીગ્નેશભાઈ સૂચકની દિકરી થાય છે. તેમના સદગતની પ્રાર્થના સભા તા:૧૮/૬/૨૦૨૬ ને ગુરુવારના રોજ બપોરે ૫:૦૦થી ૬:૩૦ કલાકે અમારા નિવાસ સ્થાન લોહાણા મહાજન વાડી , સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ગં.સ્વ.નયનાબેન હસમુખરાય વજાણી (ઉ.વ.૬૪)નું તા:૧૩/૬/૨૦૨૬ ને શનિવાર ના રોજ પરવાળા મુકામે દુ:ખદ અવસાન થયેલ છે. તે દીનેશભાઈ હરિલાલ સવાણી અને અજય વિનોદભાઈ સવાણી અને સુજલ હસમુખભાઈ સવાણીના બેન થાય છે. તેમની સદગતની સાદડી તા:૧૮/૬/૨૦૨૬ ને ગુરુવાર ના રોજ બપોરે ૫:૦૦થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાન મંગલમ સોસાયટી, જેસરરોડ, હવેલીવાળી શેરી, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ.ગિરીશભાઈ બચુભાઈ ડોડીયા(ઉ.વ.૬૫)નું તા:૧૪/૦૬/૨૦૨૬ ને રવિવાર ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે સ્વ.દિલીપભાઈ બચુભાઈ માળીના ભાઈ અને કૃણાલ (કાનો) ગીરીશભાઈ માળીના પિતા થાય છે. સદગતનુ બેસણું તા:૧૮/૬/૨૦૨૬ ને ગુરુવાર ના રોજ બપોરે ૪ :૦૦થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને મારૂતિ નગર, અમરેલી રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# વડેરા પ્રાથમિક શાળામાં મેલેરિયા વિરોધી માસની ઉજવણી

અમરેલી,તા.૧૭

આયુષ્માન આરોગ્ય મંદિર, વડેરા દ્વારા સ્થાનિક પ્રાથમિક શાળા ખાતે જૂન માસ એટલે કે 'મેલેરિયા વિરોધી માસ' અંતર્ગત ધોરણ ૧ થી ૮ ના બાળકોને આરોગ્ય વિષયક શિક્ષણ આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્યત્વે વાહકજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા ફેલાવાના કારણો તેમજ તેને અટકાવવાના વિવિધ ઉપાયો વિશે સવિસ્તાર સમજણ આપવામાં આવી હતી.

આ ઉપરાંત, મચ્છરોના ઉપદ્રવને રોકવા માટે બાળકો સમક્ષ ગપ્પી ફીશનું જીવંત



નિદર્શન (ડેમોન્સ્ટ્રેશન) પણ કરવામાં આવ્યું હતું. આ જનજાગૃતિ કાર્યક્રમને સફળ બનાવવા માટે આયુષ્માન આરોગ્ય મંદિરના સ્થાનિક સ્ટાફના સભ્યો સપનાબેન રાણવા, ડી. જી. રાજ્યગુરુ, કે. બી. દુધાત, બિલ્કીસબેન ભટ્ટી અને કાજલબેન જાદવ સહિત પ્રાથમિક શાળાના આચાર્ય નીતિનભાઈ જાની તેમજ શાળાના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજુલામાં નિ:શુલ્ક નિદાન કેમ્પ યોજાશે

રાજુલા,તા.૧૭

રાજુલા સ્થિત મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર ટ્રસ્ટ હોસ્પિટલ અને સ્વાન ડિફેન્સ એન્ડ હેવી ઈન્ડસ્ટ્રીઝના સંયુક્ત ઉપક્રમે આગામી ૧૮ જૂન ગુરુવારના રોજ સવારે ૮:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી એક ભવ્ય નિ:શુલ્ક આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. લીલાપીરીની ધાર ખાતે આવેલી હોસ્પિટલના પરિસરમાં યોજાનારા આ કેમ્પમાં આંખના નિષ્ણાત ડો. મુગાંક પટેલ, કેન્સર સર્જન ડો. રવિન્દ્રસિંહ જાડેજા, ન્યુરો સર્જન ડો. અશોક વાળિયા અને એમ.ડી. ફિઝિશિયન ડો. વિપુલ જોલીયા જેવા પ્રખ્યાત તબીબો દર્દીઓને નિ:શુલ્ક તપાસ અને જરૂરી માર્ગદર્શન આપશે. આ ઉપરાંત, જરૂરિયાતમંદ દર્દીઓ માટે સાવરકુંડલા હોસ્પિટલ ખાતે મોતિયાના ઓપરેશન પણ સંપૂર્ણપણે મફત કરી આપવામાં આવશે. આયોજકોએ રાજુલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના તમામ નાગરિકોને આ અમૂલ્ય તબીબી સેવાનો મહત્તમ લાભ લેવા માટે ખાસ અપીલ કરી છે.






# તોરી ગામનાં સ્વામિનારાયણ મહિલા મંદિરે પંચદિનાત્મક કથા યોજાઈ

વડીયા,તા.૧૭

વડીયા તાલુકાના તોરી સ્વામિનારાયણ મહિલા મંદિરે ત્રિદશાબ્દિ વાર્ષિક પાટોત્સવ તથા અધિક માસ પ્રસંગે ૩૦માં પાટોત્સવ નિમિત્તે પંચદિનાત્મક કથાનું આયોજન કરવામાં આવેલ. આ કથામૃતના વક્તા પદે રેખાબેન (નાના) ગુરુ સાંખ્યાયોગી લીલાબા અમરેલી વ્યાસાસને બિરાજી સંગીતના સથવારે પોતાની સુમધુર શૈલીમાં કથામૃતનું રસપાન કરાવ્યું હતું. સાંખ્યાયોગી દયાબેન દ્વારા આ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પોથીયાત્રા મનસુખભાઈ ખૂંટના ઘરેથી શરૂ થઈ ધર્મેન્દ્રભાઈ પાનસુરીયાના ઘરેથી સ્વામિનારાયણ મંદિર થઈ કથા સ્થળે મહિલા મંદિરે બડીયા હનુમાન બેન્ડવાજા વગાડતા વગાડતા ધામધૂમથી પહોંચી હતી. આ કથાના મુખ્ય યજમાન અંબાબેન



ખૂંટ, કથાના સહયજમાન લીલાબેન બાબુભાઈ પાનસુરીયા તથા ધ્વજા પાટોત્સવના યજમાન મંજુલાબેન હતા.












## નામ બદલ્યુ છે.

હું શેખ શાબાનશા અબ્દુલાશા, રહે. લાઈટ હાઉસ રોડ, તુર્કી મોહલ્લા મફત પ્લોટ, જાફરાબાદ, જી.અમરેલી, ગુજરાત - ૩૬૫૫૪૦, એ મારૂ જુનું નામ શેખ શાબાનશાહ અબ્દુલશાહ બદલીને નવુ નામ શેખ શાબાનશા અબ્દુલ્લાશા રાખેલ છે. ભવિષ્યમાં હું મારા નવા નામ શેખ શાબાનશા અબ્દુલ્લાશા થી જ ઓળખાઈશ.

## શાખપુર ગામની રે.સ.નં ૨૫૦/૨. હે.આરે . ૧-૯૪-૨૫ અંગેની જાહેર નોટીસ

આથી અમો લાગતા – વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે અમો નોટીસ પ્રસિધ્ધ કરનાર (૧) બલર વિનુભાઈ લલુભાઈ (૨) બલર પ્રકાશભાઈ લલુભાઈ સયુંકત માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન જે અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના શાખપુર ગામે જુની શરતની વાળી ખેતીની જમીન આવેલી છે જે જમીનનો સરવે નં ૨૫૦/૨, હે.આરે.ચો.મી. ૧-૯૪-૨૫ છે.

જે ખેતીની જમીન લલુભાઈ પરશોતમભાઈ બલરના સયુંકત કુંટુંબની મુડીમાંથી ખરીદ કરેલી છે અને જે – તે સમયે તેનો વેચાણ દસ્તાવેજ કનુભાઈ લલુભાઈ બલરના નામે કરેલ છે અને લલુભાઈ પરશોતમભાએ બલરના સયુંકત કુંટુંબનું વિભાજન સમયે ઉપરોકત જમીન અમો નોટીસ પ્રસિધ્ધ કરનાર (૧) બલર વિનુભાઈ લલુભાઈ (૨) બલર પ્રકાશભાઈ લલુભાઈ ના સયુંકત ભાગે આવેલી છે અને ત્યારથી અમો તેનો શાંત ચિતે કબજો ભોગવટો ધરાવીએ છીએ. પરંતુ તે જમીનના રેવન્યુ રેકર્ડ કનુભાઈ લલુભાઈ બલર ના નામે ચાલતા હોય તેથી તેઓ ઘરમેળે થયેલ સમજુતી નો ભંગ કરીને જમીન નો મો બદલો અથવા વેચાણ કરે તેમ છે . તેથી અમો આ જાહેર નોટીસથી જાણ કરીએ છીએ કે ઉપરોકત ખેતીને જમીન અમારા કબજા ભોગવટામા આવેલી હોય તે જમીનનો કોઈપણ પ્રકારનો વ્યવહાર કે વેચાણ વ્યવહાર કનુભાઈ લલુભાઈ બલર સાથે કરવાનો રહેશે નહી તેમ છતાં જો કોઈપણ દ્વારા તેમની સાથે વેચાણ વ્યવહાર કે અન્ય પ્રકારના કોઈ વ્યવહાર કરશેતો અમોને બંધન કર્તા રહેશે નહી અને તેવાં વ્યવહારો કોર્ટ રાહે અમો રદબાદલ ઠરાવીશું અને તે બાબતે તમામ પ્રકારની જવાબદારી કનુભાઈ લલુભાઈ બલર તથા તે જમીન ખરીદનારના શીરે રહેશે તે અંગે આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે.

**નોટીસ આપનારની સહી**
**(વિનુભાઈ લલુભાઈ બલર)**
**(પ્રકાશભાઈ લલુભાઈ બલર)**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ કેસ નં.૧૫૪/૨૦૨૬

અરજદાર : મનુભાઈ જીવાભાઈ સોલંકી
સરનામુ : રે.ખાલસા કંથારીયા તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - ખાલસા કંથારીયા તા.જાફરાબાદ જી.અમરેલી

### નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ખાલસા કંથારીયા** ગામના **શ્રી મનુભાઈ જીવાભાઈ સોલંકી** એ તેમના **પુત્ર નામે શ્રી પરષોતમભાઈ મનુભાઈ સોલંકી નો** તા.૨૦/૧૨/૧૯૯૬ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી લીરલ બી. બાંભણીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૨ માહે. જુન સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૨/૦૬/૨૦૨૬**

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે.અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો:-લીલીયા,મોજે–બવાડી ના ખેડ ખાતા નં.૩૭૧ જેના રે.સર્વે નં.૪૬,જેનુ કુલ મળીને ક્ષેત્રફળ:-૧-૪૫-૦૬ હે.આરે.ચો.મી.

(૧)જાનકીબેન કુન્દનદાસ ભાનુશાળી વાઈફ ઓફ રમેશભાઈ ભદ્રા,ના નામે ચાલે છે.જે જુની શરત ની છે.જે ખેતીની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક,કબજેદારઅને ધારણ કર્તાના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલક્તના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમા તેઓસીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક,હીત, હીસ્સો,લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલ ને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલક્ત માં જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ,દરદાવો કે ઈઝમેન્ટતથા અન્ય કોઈપણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોયઅગર તો તબદીલીઅંગે ના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચે નાસરનામે દિન-૧૫મા પુરાવા સહિત લેખીત જાણ કરવી.જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર મિલક્તમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકાર નો હકક હિત, હિસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થા ની કોઈપણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હક્કો પ્રાપ્ત થશે નહી, જેનીજનતાને નોંધ લેવી.

સરનામુ:-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
**લી.આપનો વિશ્વાસુ**

# લાઠીના સાયબર ફ્રોડ ગુનામાં ૬ માસથી નાસતો ફરતો આરોપી બાબરાથી ઝડપાયો

અમરેલી,તા.૧૭

ગુજરાતમાં સાયબર માફિયાઓના ફાઈનાન્શિયલ નેટવર્કને તોડવા અને બેંક ખાતાઓ સીઝ કરવા માટે શરૂ કરાયેલા 'ઓપરેશન મ્યુલ હન્ટ-૨.૦' અંતર્ગત અમરેલી પોલીસને વધુ એક સફળતા મળી છે. નાસતા-ફરતા આરોપીઓ પકડવાની ડ્રાઈવ હેઠળ, એલ.સી.બી. પી.આઈ. સી.પી. વાઘેલાના માર્ગદર્શનમાં પેરોલ ફર્લો સ્ક્વોર્ડના પી.એસ.આઈ. એન.જી. સાપરાની ટીમે કાર્યવાહી કરી હતી. પોલીસે હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેક્નિકલ સોર્સના આધારે લાઠી પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા છ મહિનાથી નાસતા-ફરતા આરોપી હૈદરઅલી



અલીહુસેન કપાસી (ઉ.વ. ૨૯, રહે. બાબરા)ને ૧૬ જૂન ૨૦૨૬ના રોજ બાબરા ખાતેથી ઝડપી લીધો હતો. ભંગારનો ધંધો કરતા આ આરોપીએ પોતાના આર્થિક ફાયદા માટે અલગ-અલગ લોકોના બેંક એકાઉન્ટ ભાડે અપાવી, તેમાં સાયબર ફ્રોડના રૂ.૭.૫ લાખ જમા કરાવી ગુનો આચર્યો હતો. આરોપીને આગળની કાર્યવાહી માટે લાઠી પોલીસને સોંપવામાં આવ્યો છે.

# અમરેલી એલસીબીએ રૂ. ૧.૨૨ કરોડના સાયબર ફ્રોડના નાસતા આરોપીને પકડ્યો

અમરેલી,તા.૧૭

ગુજરાત સરકાર દ્વારા સાયબર ગુનેગારોને પકડવા શરૂ કરાયેલા 'ઓપરેશન મ્યુલ હન્ટ-૨.૦' અંતર્ગત અમરેલી એલ.સી.બી. પોલીસ ટીમે સાયબર ક્રાઈમના ગુનામાં નાસતા-ફરતા આરોપી અજીત સામતભાઈ પરમાર (રહે. સુરત, મૂળ ભાવનગર)ની ધરપકડ કરી છે.આરોપી અને તેના સાથીદારોએ અમરેલી જિલ્લાના જરૂરિયાતમંદ લોકોને લોનની લોભામણી લાલચ આપી તેમના નામે ઓનલાઈન બેંક ખાતા ખોલાવ્યા હતા. ત્યારબાદ આ ખાતાઓ અને લિંક કરેલા સીમકાર્ડ મેળવી, વર્ષ ૨૦૨૫ દરમિયાન દેશભરમાં આચરેલી સાયબર છેતરપિંડીના



કુલ રૂ.૧,૨૨,૪૭,૦૯૮/- તેમાં જમા કરાવ્યા હતા. આ નાણાં અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરીને કે એટીએમ મારફતે ઉપાડીને સગેવગે કરવામાં આવ્યા હતા, જે અંગે ગુનો નોંધાયો છે. પકડાયેલ આરોપી અગાઉ સાવરકુંડલા, લીલીયા, વડોદરા અને મહારાષ્ટ્રમાં પોક્સો સહિતના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો હોવાનો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

# ધારી નજીક રીક્ષા પલટી ખાઈ જતાં એકનું કરૂણ મોત

ધારી, તા.૧૭

ધારીના સરસીયા ગામના લોકો ગળધરા ખોડીયાર મંદિરે દર્શન કરીને પરત આવતા હતા ત્યારે રીક્ષા પલટી જતાં એકનું મોત થયું હતું. બનાવ અંગે વીપુલભાઈ નરભેરામભાઈ જોશીએ તેમના જ ગામના અને છકડો રીક્ષા ચાલક પરવેજભાઈ અલારખભાઈ ચૌહાણ ઉર્ફે પપ્પુ સીપાહી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના બા તથા તેમના બહેન સરસીયા ગામના પરવેજભાઈ અલારખભાઈ ચૌહાણ ઉર્ફે પપ્પુ સીપાહીની છકડો રીક્ષામાં ગળધરા ખોડીયાર મંદીરે દર્શન કરીને પરત આવતા હતા. ત્યારે આ રીક્ષા ચાલકે રીક્ષાને પુરઝડપે અને બેફીકરાયથી ચલાવી હતી. જેના કારણે રીક્ષા પલટી ખાઈ જતા માથામાં તથા છાતીના ભાગે ગંભીર ઈજા થતાં મોત થયું હતું.

# અમરેલી મૂકબધિર સેવા ટ્રસ્ટની બેઠકમાં દિવ્યાંગ બાળકો માટે વિવિધ આયોજનો

અમરેલી,તા.૧૭

અમરેલી મૂકબધિર સેવા ટ્રસ્ટ સંચાલિત બહેરાં મૂંગા શાળાના ટ્રસ્ટીઓ અને વ્યવસ્થાપક સમિતિના સભ્યોની એક બેઠક તારીખ ૧૧/૦૬/૨૦૨૬ના રોજ મળી હતી. આ બેઠકનો મુખ્ય હેતુ નવા વર્ષના વિવિધ આયોજનો અને સમગ્ર અમરેલી જિલ્લાના દિવ્યાંગો સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિનો લાભ



વધુમાં વધુ પ્રમાણમાં મેળવે એ હતો. આ અનુસંધાને સંસ્થાના શિક્ષકો દ્વારા વેકેશનમાં દિવ્યાંગ બાળકોના વાલીઓનો સંપર્ક કરી તેનું કાઉન્સિલિંગ પણ કરવામાં આવેલ છે.સંસ્થાની નિઃશૂલ્ક સેવાકીય પ્રવૃત્તિનો લાભ સમાજની દીકરીઓને મળી રહે એ અર્થે કન્યા છાત્રાલયમાં નવા ૧૦ રૂમનું બાંધકામ પણ કરાવેલ છે, જેથી માત્ર અમરેલી જિલ્લાના જ નહીં પણ જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના મૂકબધિર દિવ્યાંગ બાળકોનો પણ સમાવેશ કરી શકાય. આ તકે સંસ્થાના પ્રમુખ મલયભાઈ મંગળદાસ મહેતા પણ મુંબઈથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# દામનગરમાંથી બે દીકરીઓ ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહી

**યુવતીના પરિવારજનોએ પોલીસમાં જાણ કરી**

દામનગર, તા.૧૭

દામનગરમાંથી બે દીકરીઓ ઘરેથી કોઈને કહ્યા વગર જતા રહી હતી. સીરાજભાઈ ગફારશાહ પઠાણ (ઉ.વ.૪૬)એ જાહેર કર્યા મુજબ, તેમની દિકરી નફીસાબેન સીરાજભાઈ પઠાણ (ઉ.વ.૧૮) પોતાના રહેણાંક મકાનેથી કોઈને કહ્યા વગર પોતે પોતાની મેળે કયાક જતી રહી હતી. જે બાદ દિનેશભાઈ જીવરાજભાઈ પીઠવા (ઉ.વ.૬૨) તેમની દિકરી ભાવીકાબેન પીઠવા (ઉ.વ.૨૦)રહેણાંક મકાનેથી કોઈને કહ્યા વગર પોતે પોતાની મેળે કયાક જતી રહી હતી.

# રાજુલા એસટી ડેપોના કર્મચારીઓ દ્વારા સ્વર્ગસ્થ ડ્રાઈવર માટે પ્રેરણાદાયી કાર્ય

રાજુલા,તા.૧૭



રાજુલા એસટી ડેપોના વાવેરા ગામના સ્વર્ગસ્થ ડ્રાઈવર કશુભાઈ ધાખડાના અકસ્માતમાં અવસાન બાદ, તેમની પુણ્યતિથિ નિમિત્તે ડેપોના કર્મચારીઓએ પ્રશંસનીય કાર્ય કર્યું છે. તમામ સ્ટાફે 'સૌને શક્તિ એવી ભક્તિ'ના ભાવથી સ્વેચ્છાએ ભંડોળ એકત્ર કર્યું હતું. આ ભેગી થયેલી રૂ.૨૮,૧૧૦ની રકમ રાજુલાના નિશુલ્ક 'મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર'ને અર્પણ કરાઈ હતી. સ્વર્ગસ્થના પુત્ર હરદીપભાઈ અને એસટી સ્ટાફની હાજરીમાં આ સેવા કાર્ય કરીને કર્મચારીઓએ સમાજને માનવસેવાનો એક ઉત્તમ અને પ્રેરણાદાયી સંદેશ આપ્યો છે.

**જિલ્લામાં જુગારની મોસમ જામી**

# ૪ સ્થળેથી ૧૮ પત્તાપ્રેમીઓ પકડાયા, નાનીવડાળ ગામેથી ૨ જુગારી ફરાર

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં જુગારની મોસમ જામી હોય તેમ ૪ સ્થળેથી ૧૮ પત્તા પ્રેમી પકડાયા હતા. નાની વડાળ ગામેથી ૨ જુગારી પોલીસ થાપ આપી ભાગી છૂટ્યા હતા. કુલ મળીને ૫૦,૪૬૭ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. ખાંભના નાના બારમણ ગામેથી અમુભાઈ લખમણભાઈ નાગર,અજયભાઈ મધુભાઈ જોગદિયા, જયસુખભાઈ લવજીભાઈ પરમાર, સાગરભાઈ કરશનભાઈ નાગર તથા મુકેશભાઈ લવજીભાઈ પરમાર નદી કાંઠે કેનાલ પાસે આંબલીના ઝાડના છાંયડા નીચે જાહેર જગ્યામાં ગંજી પત્તાના પાના વડે તીન પત્તિનો પૈસા પાના વડેનો હાર જીતનો જુગાર રમતા રોકડ રૂ.૫૫૦ સાથે ઝડપાયા હતા. ચલાલા ટાઉનમાં તળાવ કાંઠે ખાટકી વાડા પાસેથી ચીરાગભાઈ રતીભાઈ બારૈયા, જયંતીભાઈ હિમતભાઈ બારૈયા તથા અજયભાઈ ધનજીભાઈ પરસુડા પૈસા વડે તીનપતી રોન નામનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂ.૧૦,૫૦૦ સાથે ઝડપાયા હતા. સાવરકુંડલાના નાની વડાળ ગામે પાણાખાણ નામની સીમવિસ્તારમાં બીડમાં જાહેરમાં જુગાર રમતાં સુરેશભાઈ કાળુભાઈ જાદવ, મનુભાઈ ઉસ્માનભાઈ ગાહા, નનકુભાઈ ગભરૂભાઈ જાદવ, સામતભાઈ ભીખાભાઈ વાઘેલા, રાજુભાઈ સાદુળભાઈ જાદવ તથા પાંચાભાઈ જલાભાઈ વાઘેલા તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂ.૧૦,૨૦૦, હાથબતી નંગ-૦૧,એક મોટર સાયકલ મળી કુલ રૂા.૨૫,૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. જ્યારે પુંજાભાઈ ભીમાભાઈ જાદવ તથા વિરાભાઈ જલાભાઈ વાઘેલા પોલીસને થાપ આપી નાસી ગયા હતા. લીલીયાના આંબા ગામેથી સદામભાઈ મહેબુબભાઈ ચૌહાણ, ફુલાભાઈ છગનભાઈ નાકરાણી, ચતુરભાઈ જાદવભાઈ ખંખાળ તથા ભરતભાઈ કાળુભાઈ માવાણી ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીનપત્તીનો હાર જીતનો જુગાર રમતા રોકડ રૂા.૧૪,૩૨૦, હાથબતી મળી કુલ રૂા.૧૪,૩૭૦ના મુદ્દામાલ સાથે પકડાયા હતા.

# જિલ્લામાં વિવિધ સ્થળોથી દેશી-વિદેશી દારૂ ઝડપાયો

બાબરા, તા.૧૭

બાબરાના કોટડાપીઠા થી રાયપર ગામના જુના ગાડા માર્ગે આવેલી વાડી ખેતરેથી પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૧૩૨૦ બોટલ ઝડપી પાડી હતી. વાડીની ઓરડીમાંથી પોલીસે રૂ.૯,૩૫,૭૫૮નો પ્રોહીબીશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વીરડી ગામેથી ૨ લીટર અને જાફરાબાદમાંથી ૧ લીટર મળી ત્રણ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. ૧૩ લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ ચોથ
તા.૧૮-૦૬-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૫૮,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પુષ્ય

## દૈનિક રાશિફળ

**તા.૧૮-૦૬-૨૦૨૬ ગુરૂવાર**

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન:આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે.

મકર: ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

# રાજુલામાં આરોગ્ય મંદિર ખાતે એક મહિનામાં ૧૪ હજારથી વધુ દર્દીઓએ લીધી સારવાર

રાજુલા,તા.૧૭

રાજુલા શહેરમાં પૂજ્ય મોરારી બાપુના આશીર્વાદથી શરૂ થયેલું નિઃશુલ્ક મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર ટૂંકા સમયમાં જ સમગ્ર વિસ્તારના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થયું છે. માત્ર એક મહિનાના ગાળામાં અંદાજે ૧૪ હજારથી વધુ દર્દીઓએ અહીં સારવારનો લાભ



તસવીર : ગોપાલ રાઠોડ

લીધો હોવાનું જાણવા મળ્યું છે. હોસ્પિટલની આરોગ્ય સેવાઓને વધુ મજબૂત બનાવવા માટે અમરેલી ગીર રોટરી ક્લબ દ્વારા રૂ. ૬૭.૭૮ લાખના અત્યાધુનિક તબીબી સાધનો ભેટરૂપે આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે આયોજિત સન્માન સમારોહમાં હોસ્પિટલના તમામ ડોક્ટરોનું સન્માન કરવામાં આવ્યું હતું. રોટરી ક્લબના આગેવાનોએ ડોક્ટરોની સેવાભાવના અને સમર્પણની પ્રશંસા કરી હતી. કાર્યક્રમ દરમિયાન મહેમાનોએ હોસ્પિટલની વિવિધ સેવાઓ અને આધુનિક સુવિધાઓનું નિરીક્ષણ કરી સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

# રાજુલામાં હથિયારબંધી જાહેરનામાનો સરેઆમ ભંગઃ ધારીયું અને છરી સાથે ૩ શખ્સો ઝડપાયા

રાજુલા, તા.૧૭

રાજુલામાં અમરેલી એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટના આદેશની ઐસીતૈસી કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરતાં ૩ શખ્સો પકડાયા હતા. ખાંભાના જુના માલકનેસ ગામના દિનેશભાઈ ચોથાભાઈ જાદવ (ઉ.વ.૩૧) પાસેથી છરી મળી આવી હતી.

રાજુલા મફતપરામાં રહેતા ઘુઘાભાઈ ઉર્ફે બાલો બચુભાઈ સાંખટ (ઉ.વ.૨૮) ના કબજામાં લાકડાના હાથાવાળી, એકબાજુ ધાર ધરાવતી સ્ટીલની અને કેસરી કલરની છરી રાખીને ફરતો મળી આવ્યો હતો. રાજુલા હિંડોરણા મિરાદાતાર પાસે રહેતા હમીરભાઈ ભગવાનભાઈ કવાડ (ઉ.વ.૫૯) પાસેથી લોખંડનું ધારીયું મળી આવ્યું હતું.

# લાઠી નગરપાલિકામાં જનકલ્યાણ શિબિરમાં વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય પત્રો એનાયત

લાઠી,તા.૧૭

લાઠી નગરપાલિકા આજે ખાતે વિકસિત ભારત સંકલ્પ અન્વયે જનકલ્યાણ શિબિર યોજાઈ હતી. પ્રમુખ દયાબેન જમોડના અધ્યક્ષ સ્થાને આયોજિત આ કાર્યક્રમમાં વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, મામલતદાર રાજ્યગુરુભાઈ, ચીફ ઓફિસર રવિ વેકરીયા, ઉપપ્રમુખ




બાબુભાઈ ધોળકિયા, કારોબારી ચેરમેન પારુલબેન ડેર ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ-વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણના અને વિકસિત ભારત સંકલ્પ અભિયાન હેઠળ અનેકવિધ પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે. જનકલ્યાણ શિબિર કાર્યક્રમમાં સરકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# લીલીયા મોટામાં કાંઠાગોરમાની ભક્તિમય માહોલમાં ઉજવણી

અમરેલી,તા.૧૭

લીલીયામાં કુલ બાર સ્થળોએ કાંઠાગોરમાની સ્થાપના કરવામાં આવી હતી. તેમાં રાજેશ્વર મહાદેવ મંદિરે સૌથી વધુ સંખ્યામાં બહેનોએ શ્રદ્ધાભાવ સાથે ભાગ લીધો હતો. સમગ્ર પુરુષોત્તમ માસ દરમિયાન ધાર્મિક કાર્યક્રમો, ભજન-કીર્તન અને પૂજા-અર્ચનાનું આયોજન કરવામાં આવ્યું હતું. પુરુષોત્તમ



ભગવાનના આશીર્વાદથી પવિત્ર માસ સુખરૂપે અને નિર્વિઘ્ને પૂર્ણ થયો હતો. તમામ બહેનોએ હળીમળીને ભક્તિ અને આનંદનો અનોખો માહોલ સર્જ્યો હતો.

તંત્રી લેખ

# વૈશ્વિક અશાંતિ વચ્ચે G7: એક નવી આશા

ફ્રાન્સના ઐતિહાસિક શહેર ઈવિયન-લે-બેનમાં યોજાયેલી G7 શિખર પરિષદ વૈશ્વિક રાજકારણ માટે મહત્વપૂર્ણ તબક્કો સાબિત થઈ રહી છે. એક તરફ પરંપરાગત ઔદ્યોગિક શક્તિઓ આંતરિક મતભેદો અને ભૌગોલિક-રાજકીય પડકારોનો સામનો કરી રહી છે, તો બીજી તરફ ભારત જેવા ઉભરતા લોકશાહી દેશો વૈશ્વિક સમસ્યાઓના ઉકેલમાં અનિવાર્ય ભાગીદાર તરીકે આગળ આવી રહ્યા છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન્યુ G7 અધ્યક્ષ તરીકે ''વૈશ્વિક અસંતુલન ઘટાડવા''નો મુખ્ય ઉદ્દેશ્ય રજૂ કર્યો છે. તેમણે ગ્લોબલ સાઉથના અનેક દેશોને આમંત્રિત કરીને પરિષદને વધુ સમાવેશી બનાવવાનો પ્રયાસ કર્યો છે. આ પહેલ પશ્ચિમી દેશોની પરંપરાગત રાજકીય મર્યાદાઓને પાર કરીને નવી વૈશ્વિક ભાગીદારી સ્થાપિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. આ વર્ષની પરિષદ એવા સમયે યોજાઈ રહી છે જ્યારે વિશ્વ અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે. ઈરાન સાથેના સંબંધો, યુક્રેન યુધ્ધથી સર્જાયેલી ખાદ્ય અને ઊર્જા સુરક્ષાની સમસ્યાઓ, તેમજ ચીન સાથેના વેપાર અને ટેકનોલોજી સંબંધિત પ્રશ્નો G7ના મુખ્ય એજન્ડામાં સામેલ છે. અમેરિકા અને યુરોપીય દેશો વચ્ચે ઔદ્યોગિક સબ્સિડી અને વેપાર નીતિઓ અંગે પણ મતભેદો જોવા મળે છે. આ આંતરિક અસંમતિઓને કારણે G7ની વૈશ્વિક અસરકારકતા પર પ્રશ્નો ઊભા થયા છે. આ પરિસ્થિતિમાં ભારતની ભૂમિકા વિશેષ મહત્વ ધરાવે છે. આ ૧૩મી વખત છે જ્યારે ભારતને G7 શિખર પરિષદમાં ભાગીદાર દેશ તરીકે આમંત્રણ મળ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત સાતમી વખત આ મંચ પર હાજરી આપી રહ્યા છે, જે વૈશ્વિક સ્તરે ભારતની વધતી પ્રતિષ્ઠા અને વિશ્વસનીયતાનું પ્રતિબિંબ છે. ભારતે હંમેશા વૈશ્વિક શાંતિ, આબોહવા પરિવર્તન સામેના પ્રયાસો અને સમાવેશી વિકાસને પ્રાથમિકતા આપી છે. ''વધુ ટકાઉ, સ્થિતિસ્થાપક અને સમધ્ધ વિશ્વ'' માટે ભારતની પ્રતિબધ્ધતા વિકાસશીલ દેશોના હિતોને વૈશ્વિક ચર્ચાના કેન્દ્રમાં લાવવાના તેના પ્રયાસોને મજબૂત બનાવે છે. 'નવી ભાગીદારીનું નિર્માણ અને આંતરરાષ્ટ્રીય એકતાનું પુનઃનિર્માણ' જેવા વિષયો પર ભારતની સક્રિય ભાગીદારી તેની રચનાત્મક ભૂમિકાને દર્શાવે છે. ફ્રાન્સની અધ્યક્ષતાની મુખ્ય પ્રાથમિકતાઓ કૃત્રિમ બુદ્ધિમત્તાનું નિયમન, વૈશ્વિક આર્થિક સંતુલન અને મહત્વપૂર્ણ ખનિજો તથા ઊર્જા પુરવઠા શૃંખલાની સ્થિરતા ભારતની ક્ષમતાઓ અને વિકાસલક્ષી દષ્ટિકોણ સાથે સુસંગત છે. ડિજિટલ જાહેર માળખું, ગ્રીન હાઈડ્રોજન, નવીનતા અને ટેક્નોલોજી ક્ષેત્રે ભારતનું યોગદાન તેને વૈશ્વિક ભાગીદાર તરીકે વધુ મજબૂત બનાવે છે. પરિષદ દરમિયાન વડાપ્રધાન મોદીએ અનેક દેશોના નેતાઓ સાથે દ્વિપક્ષીય ચર્ચાઓ કરીને સંરક્ષણ, અર્ધવાહક ઉત્પાદન અને દરિયાઈ સુરક્ષા જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ભાર મૂક્યો. આ ચર્ચાઓ ભારતની વૈશ્વિક રાજદ્વારી પહોંચને વધુ મજબૂત બનાવે છે. આજના ધ્રુવીકરણ, આર્થિક અનિશ્ચિતતા અને આબોહવા સંકટના સમયમાં ભારત વિકસિત અને વિકાસશીલ દેશો વચ્ચે સેતુ તરીકે ઉભરી રહ્યું છે. 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાને આધારે ભારત વૈશ્વિક સહકાર અને સંવાદને પ્રોત્સાહન આપી રહ્યું છે. G7 દેશોએ ભારતની આ વધતી અસર અને મહત્વને સ્વીકાર્યું છે. તેથી સ્પષ્ટ છે કે ભવિષ્યની વૈશ્વિક વ્યવસ્થામાં ભારત માત્ર સહભાગી નહીં, પરંતુ એક મહત્વપૂર્ણ માર્ગદર્શક શક્તિ તરીકે પણ પોતાની ભૂમિકા નિભાવશે.

# ૨૦૨૬માં નૈઋત્યના ચોમાસાનું આગમન



આકાશમાં વાદળો ઘેરાવા લાગ્યા છે અને ગરમી પણ હજુ પૂરજોશમાં છે. આવી સ્થિતિમાં સમગ્ર ભારતની નજર દક્ષિણ-પશ્ચિમ ચોમાસા પર ટકેલી છે. સામાન્ય રીતે ચોમાસું જૂનના પ્રથમ સપ્તાહમાં કેરળમાં પ્રવેશ કરે છે, પરંતુ આ વર્ષે તે ૪ જૂન, ૨૦૨૬ના રોજ સત્તાવાર રીતે કેરળમાં પહોંચ્યું હતું. જોકે, તેનું આગમન સરળ અને સમાન ગતિએ થયું નથી. ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા જાહેર કરાયેલી આગાહીઓ દર્શાવે છે કે આ વર્ષે ચોમાસું સામાન્ય કરતાં અલગ અને પડકારજનક રહેવાની સંભાવના છે. ભારતીય હવામાન વિભાગ ચોમાસાના આગમનની જાહેરાત કેટલીક ચોક્કસ હવામાન શાસ્ત્રીય પરિસ્થિતિઓના આધારે કરે છે. કેરળમાં ચોમાસું પહોંચ્યું હોવાનું જાહેર કરવા માટે ત્રણ મુખ્ય માપદંડો નક્કી કરવામાં આવ્યા છે. પ્રથમ, ૧૦ મે પછી કેરળ, લક્ષદ્વીપ અને કર્ણાટકના ૧૪ નિર્ધારિત હવામાન મથકો પર સતત બે દિવસ સુધી ઓછામાં ઓછો ૨.૫ મિમી વરસાદ નોંધાવવો જરૂરી છે. બીજું, પશ્ચિમી પવનોની ગતિ ૧૫થી ૨૦ નોટ સુધી પહોંચવી જોઈએ અને તેની ઊંડાઈ ઓછામાં ઓછી ૬૦૦ હેક્ટોપાસ્કલ હોવી આવશ્યક છે. ત્રીજું, ઉત્સર્જિત લાંબ-તરંગ વિકિરણ (OLR)નું મૂલ્ય ૫ થી ૧૦ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૭૦ થી ૭૫ ડિગ્રી પૂર્વ રેખાંશ વિસ્તારમાં ૨૦૦ વોટ પ્રતિ ચોરસ મીટરથી ઓછું હોવું જોઈએ. આ વર્ષે ઉપરોક્ત તમામ માપદંડો પૂર્ણ થતાં ભારતીય હવામાન વિભાગે ૪ જૂનના રોજ કેરળમાં ચોમાસાના આગમનની સત્તાવાર જાહેરાત કરી હતી. આ તારીખ સામાન્ય આગમન તારીખ ૧ જૂન કરતાં લગભગ ત્રણ દિવસ મોડું માનવામાં આવે છે. IMD દ્વારા જાહેર કરવામાં આવેલી લાંબા ગાળાની આગાહીઓ ચિંતાજનક સંકેતો આપી રહી છે. વિભાગના અંદાજ મુજબ ૨૦૨૬ની દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઋતુ દરમિયાન સમગ્ર દેશમાં સરેરાશ વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની શક્યતા છે. ભારતમાં ચોમાસાના વરસાદની લાંબા ગાળાની સરેરાશ (LPA) લગભગ ૮૭ સેન્ટીમીટર ગણવામાં આવે છે. આ વર્ષે વરસાદ LPAના આશરે ૯૦ ટકા જેટલો રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. એટલે કે સરેરાશ વરસાદ લગભગ ૭૮.૩ સેન્ટીમીટર સુધી મર્યાદિત રહી શકે છે. આ આગાહી વિવિધ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય હવામાન મોડેલો પર આધારિત મલ્ટી-મોડલ એન્સેમ્બલ (MME) પધ્ધતિ દ્વારા તૈયાર કરવામાં આવી છે, જેને વૈજ્ઞાનિક રીતે વધુ વિશ્વસનીય માનવામાં આવે છે. આ વર્ષે વરસાદમાં સંભવિત ઘટાડાનું મુખ્ય કારણ અલ નીનો પરિસ્થિતિઓને માનવામાં આવે છે. અલ નીનો એ પ્રશાંત મહાસાગરના વિષુવવૃત્તીય વિસ્તારમાં સમુદ્રની સપાટીનું તાપમાન અસામાન્ય રીતે વધવાની સ્થિતિ છે. આ પરિબળ વૈશ્વિક હવામાન પર અસર કરે છે અને ભારતીય ચોમાસાને સામાન્ય

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

રીતે નબળું બનાવે છે. IMDના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ચોમાસાની ઋતુ દરમિયાન અલ નીનોની સ્થિતિ વિકસિત થવાની સંભાવના છે. ઓગસ્ટ સુધીમાં તે મધ્યમથી મજબૂત સ્વરૂપ ધારણ કરી શકે છે. જો આવું થાય તો વરસાદની માત્રા તેમજ તેની વહેંચણી બંને પર નકારાત્મક અસર પડી શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર દેશના વિવિધ વિસ્તારોમાં વરસાદનું વિતરણ સમાન નહીં રહે. ઉત્તર-પૂર્વ ભારતમાં સામાન્ય વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, જ્યારે મધ્ય ભારત, દક્ષિણ દ્વીપકલ્પ અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ નોંધાઈ શકે છે. ખાસ કરીને મધ્ય ભારત અને દક્ષિણ દ્વીપકલ્પમાં સામાન્ય કરતાં ઓછા વરસાદની સંભાવના અનુક્રમે ૪૩% અને ૪૫% દર્શાવવામાં આવી છે. વધુમાં, દેશનો મોટાભાગનો કૃષિ વિસ્તાર આવરી લેતો 'મોનસૂન કોર ઝોન' પણ સામાન્ય કરતાં ઓછો વરસાદ અનુભવી શકે છે. આ વિસ્તાર ભારતના કૃષિ ઉત્પાદન માટે અત્યંત મહત્વનો માનવામાં આવે છે. જૂન મહિનાની આગાહીમાં પણ ચિંતાજનક સ્થિતિ દર્શાવવામાં આવી છે. દેશવ્યાપી વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાનો અંદાજ છે, જે ખેડૂતો અને જળ સંસાધન વ્યવસ્થાપન માટે પડકારરૂપ બની શકે છે. ગુજરાતમાં હાલમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે, પરંતુ ચોમાસાની સત્તાવાર એન્ટ્રી હજુ સુધી થઈ નથી. ચોમાસાએ કેરળમાં પ્રવેશ કરી લીધો હોવા છતાં પશ્ચિમ ભારતમાં તેની પ્રગતિ ધીમી પડી હોવાનું નિષ્ણાતોનું માનવું છે. અરબી સમુદ્ર તરફથી આવતા ચોમાસાના પવનોમાં નબળાઈ જોવા મળી રહી છે, જેના કારણે મહારાષ્ટ્ર અને ગુજરાત જેવા રાજ્યોમાં વરસાદી પ્રવૃત્તિઓ મર્યાદિત રહી છે. શુષ્ક હવા અને ડૂબતા હવાના પ્રવાહો (Sinking Air Currents) ગુજરાત સહિતના વિસ્તારોમાં ગરમ અને સૂકું હવામાન જાળવી રાખી રહ્યા છે. હવામાન નિષ્ણાતોના અંદાજ મુજબ ગુજરાતમાં ચોમાસું આશરે ૨૩ જૂનની આસપાસ પ્રવેશ કરી શકે છે. જોકે, તેની ગતિ અને તીવ્રતા આગામી દિવસોમાં સર્જાનારી હવામાન પરિસ્થિતિઓ પર નિર્ભર રહેશે. તાજેતરમાં યુરોપિયન, અમેરિકન અને ભારતીય હવામાન એજન્સીઓ દ્વારા મેળવવામાં આવેલા ઉપગ્રહ ચિત્રોએ પણ ચિંતા વધારી છે. EUMETSAT, NOAA અને ISROના INSAT-3DS ઉપગ્રહોથી પ્રાપ્ત થયેલી તસવીરો દર્શાવે છે કે મધ્ય, પશ્ચિમ અને દક્ષિણ ભારતના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદ લાવનારા ઘન વાદળો હજુ સુધી પૂરતા પ્રમાણમાં વિકસ્યા નથી. આ ઉપગ્રહ ચિત્રો ચોમાસાના પરિભ્રમણમાં નબળાઈ દર્શાવે છે. ખાસ કરીને 'સોમાલી જેટ' તરીકે ઓળખાતા મહત્વપૂર્ણ પવનો નબળા પડ્યા હોવાનું જોવા મળે છે. આ પવનો અરબી સમુદ્રમાંથી ભેજ ભારત તરફ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમની નબળાઈને કારણે ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોમાં વરસાદ છૂટોછવાયો અને સામાન્ય કરતાં ઓછો રહેવાની સંભાવના છે. આમ, ૨૦૨૬નું દક્ષિણ-પશ્ચિમ ચોમાસું અનેક પડકારો સાથે શરૂ થયું છે. કેરળમાં તેનું આગમન સામાન્ય કરતાં થોડું મોડું થયું છે, જ્યારે અલ નીનોની સંભવિત અસરને કારણે સમગ્ર ચોમાસાની ઋતુ નબળી રહેવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. દેશના ઘણા વિસ્તારોમાં સામાન્ય કરતાં ઓછા વરસાદની આગાહી કરવામાં આવી છે, જે કૃષિ, જળસંચય અને દૈનિક જીવન પર સીધી અસર કરી શકે છે. ગુજરાતમાં પણ લોકો આતુરતાપૂર્વક ચોમાસાની રાહ જોઈ રહ્યા છે. વાદળો ઘેરાતા હોવા છતાં પૂરતો વરસાદ હજુ સુધી નોંધાયો નથી. હવામાન વિભાગની આગાહીઓ અને ઉપગ્રહ ચિત્રો સૂચવે છે કે આ વર્ષે ચોમાસું અનિયમિત અને પડકારજનક બની શકે છે. તેથી ખેડૂતો, સરકાર અને સામાન્ય નાગરિકોએ પાણીના સંચાલન અને આગોતરા આયોજન પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૫૦ | ૧૮૪૦ |
| ઘઉં લોકવન | ૪૫૮ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૯૮૦ | ૧૧૨૦ |
| જુવાર લાલ | ૧૦૨૦ | ૧૧૬૦ |
| જુવાર પીળી | ૪૩૦ | ૫૪૦ |
| બાજરી | ૩૫૦ | ૪૮૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૧૫ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૪૫ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૧૭૦ |
| ચણા સફેદ | ૧૧૨૦ | ૧૭૭૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૭૩૪ |
| મગ | ૧૧૭૫ | ૧૭૭૫ |
| વાલ દેશી | ૭૨૦ | ૧૧૪૧ |
| ચોળી | ૧૦૨૫ | ૧૬૪૦ |
| વટાણા | ૬૦૦ | ૮૧૦ |
| કળથી | ૩૨૫ | ૩૯૧ |
| રાજમા | ૬૦૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૪૭૫ | ૧૭૨૮ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૫૭૭ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૨૫ |
| તલી | ૧૭૫૦ | ૨૪૧૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૩૬૪ |
| અજમો | ૧૯૦૦ | ૨૬૩૦ |
| સુવા | ૧૨૫૦ | ૧૩૮૬ |
| સોયાબીન | ૧૦૧૧ | ૧૪૦૦ |
| સીંગફાડા | ૧૪૦૦ | ૧૬૩૪ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૭૦૦ |
| લસણ | ૧૦૬૦ | ૨૪૦૦ |
| ધાણા | ૨૨૩૦ | ૨૬૮૦ |
| ધાણી | ૨૪૦૦ | ૨૭૬૫ |
| વરીયાળી | ૧૧૦૦ | ૨૧૦૦ |
| જીરૂ | ૩૨૯૦ | ૪૧૫૦ |
| રાય | ૧૩૫૦ | ૧૬૯૫ |
| મેથી | ૧૧૬૦ | ૧૭૯૦ |
| ઇસબગુલ | ૧૨૩૦ | ૧૭૫૦ |
| અશેરીયો | ૧૧૪૧ | ૧૧૪૧ |
| કલોંજી | ૨૯૦૦ | ૩૪૫૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૪૦૦ |
| રજકાનું બી | ૭૨૦૦ | ૯૬૩૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૫૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૩૮ | ૬૫૨ |
| લીંબુ | ૫૮૯ | ૧૦૬૬ |
| પપૈયા | ૯૧ | ૧૮૪ |
| બટેટા | ૯૭ | ૨૭૮ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૪૧૧ |
| ટમેટા | ૫૨૪ | ૮૧૫ |
| સુરણ | ૭૩૧ | ૧૧૦૨ |
| કોથમરી | ૭૦૫ | ૧૧૮૦ |
| રીંગણા | ૧૪૨ | ૩૦૩ |
| કોબીજ | ૧૪૩ | ૩૫૨ |
| ફ્લાવર | ૩૮૯ | ૬૫૪ |
| ભીંડો | ૩૭૭ | ૬૬૪ |
| ગુવાર | ૬૯૨ | ૧૨૨૫ |
| ચોળાસીંગ | ૭૦૫ | ૧૧૧૪ |
| ટીંડોળા | ૩૩૪ | ૮૧૧ |
| દુધી | ૧૪૫ | ૩૧૮ |
| કારેલા | ૪૦૨ | ૬૪૫ |
| સરગવો | ૪૬૮ | ૮૮૬ |
| તુરીયા | ૫૨૫ | ૮૩૧ |
| પરવર | ૬૦૬ | ૮૧૧ |
| કાકડી | ૩૨૬ | ૭૧૧ |
| ગાજર | ૩૧૯ | ૫૧૬ |
| વટાણા | ૧૦૪૯ | ૧૪૪૧ |
| ગલકા | ૧૪૬ | ૩૯૩ |
| બીટ | ૨૨૫ | ૪૩૨ |
| મેથી | ૯૫૧ | ૧૩૬૯ |
| ડુંગળી લીલી | ૮૩૯ | ૧૧૪૨ |
| આદુ | ૧૮૨૫ | ૨૪૧૬ |
| મરચા લીલા | ૮૨૫ | ૧૦૩૧ |
| મકાઇ લીલી | ૨૯૩ | ૫૦૨ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૪૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૫૦૦ |
| કોબી | ૧૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૬૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૪૦૦ |
| કાકડી | ૧૮૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૯૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૪૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૮૦૦ |
| કેરી કાચી | ૧૬૦ | ૮૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૬૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૧૦ |
| કોથમીર પુરા | ૩ | ૭ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| અળવીપાન | ૮ | ૧૨ |
| પરવર | ૯૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૪૦૦ |
| મેથી પુરા | ૪ | ૧૫ |
| બીટ પુરા | ૮ | ૧૫ |
| સરગવો પુરા | ૧૨ | ૩૦ |
| ચોરા | ૫૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૨૦૦ |
| આદુ | ૨૨૦૦ | ૨૬૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૪૦૦ |
| મકાઈ ડોડા | ૩૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૫ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૨૨૫ | ૧૫૦૦ |
| શિંગ મોટી | ૭૮૦ | ૧૩૯૦ |
| શિંગ દાણા | ૧૪૬૦ | ૧૭૬૦ |
| શિંગ ફાડા | ૧૪૬૦ | ૧૬૬૦ |
| તલ સફેદ | ૧૨૭૦ | ૨૪૯૦ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૭૦૦ |
| તલ કાશમીરી | ૨૨૯૫ | ૨૩૬૦ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૪૫૫ | ૪૮૦ |
| મગ | ૧૦૮૦ | ૧૭૧૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૬૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૫૦ |
| સફેદ ચણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| તુવેર | ૮૦૦ | ૧૩૭૦ |
| કપાસ | ૯૩૦ | ૧૮૮૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૨૩૫ |
| રાય | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ધાણી | ૨૨૦૦ | ૨૮૦૦ |
| સોયાબીન | ૧૦૬૦ | ૧૩૫૦ |
| રજકાબી | ૧૫૦૦ | ૮૦૦૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| રીંગણા | ૨૫૦ | ૫૧૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૩૯૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૭૦૦ |
| ટમેટાં | ૧૦૨૦ | ૧૧૩૦ |
| સુરણ | ૮૦૦ | ૯૨૦ |
| ગાજર | ૬૦૦ | ૭૨૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૬૦૦ | ૬૫૦ |
| ગલકા | ૩૦૦ | ૪૨૦ |
| પાકી કેરી | ૮૦૦ | ૧૫૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૩૦ |
| કાચી કેરી | ૯૦૦ | ૧૫૦૦ |
| વટાણા | ૧૯૦૦ | ૨૦૦૦ |
| ચોળા લીલા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૨૨૦૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૮૫૦ | ૧૦૫૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફોદીનો | ૪૨૦ | ૫૨૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૬૫૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૧૦૨૦ | ૧૩૦૦ |
| ડુંગળી સુકી | ૨૩૦ | ૫૦૦ |
| લસણ સુકું | ૧૨૦૦ | ૨૨૫૦ |
| પાલક | ૬૫૦ | ૭૨૦ |
| લીબુ | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૯૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૫૦ | ૧૫૬૫ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૨૦ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૮૯૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૬૯૧ |
| જીરૂ | ૩૪૪૦ | ૪૨૦૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૭૨૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૧૫ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૬૦૦ | ૧૦૬૦ |
| મગ | ૧૫૫૦ | ૧૭૨૪ |
| અડદ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૭૫ |
| દેશી ચણા | ૧૦૮૦ | ૧૧૫૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| એરંડી | ૧૨૩૦ | ૧૩૨૫ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૧૫ |
| ધાણા | ૨૦૦૦ | ૨૯૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૭૦ | ૧૧૭૦ |
| મગફળી | ૧૧૩૦ | ૧૩૧૫ |
| ઘઉં લોકવન | ૪૪૬ | ૪૫૬ |
| ચણા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ધાણા | ૨૪૫૦ | ૨૫૫૦ |
| મગ | ૧૦૨૦ | ૧૩૪૦ |
| તલ સફેદ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૧૭૧૦ | ૨૯૦૦ |
| એરંડા | ૧૧૫૫ | ૧૨૩૦ |
| મેથી | ૯૮૧ | ૧૧૫૬ |
| શીંગદાણા | ૧૫૫૧ | ૨૧૦૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૦૫૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| મગફળી | ૯૨૫ | ૧૨૦૦ |
| ઘઉં લોકવન | ૪૦૫ | ૪૬૩ |
| જુવાર | ૫૦૦ | ૮૪૫ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૪૫૯ |
| તુવેર | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૩૩ |
| કલોંજી | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ધાણા | ૧૬૦૦ | ૨૫૦૫ |
| રાય | ૧૧૪૫ | ૧૧૪૫ |
| મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| સોયાબીન | ૧૩૧૦ | ૧૩૮૧ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૨૫૦ |
| શીંગદાણા | ૧૩૦૦ | ૧૮૫૦ |
| લશણ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મેથી | ૯૩૫ | ૯૩૫ |
| અડદ | ૧૪૬૧ | ૧૬૫૦ |
| તલ કાળા | ૧૦૦૦ | ૨૮૦૦ |
| કળથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| શીંગફાળા | ૧૫૨૫ | ૧૫૨૫ |
| મકાઈ | ૩૦૦ | ૪૬૦ |
| બાજરો | ૪૦૫ | ૪૦૫ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૫૯૦ | ૧૭૫૩ |
| કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૮૦ |
| મગફળી | ૧૦૧૦ | ૧૧૫૫ |
| તલ સફેદ | ૧૭૫૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૨૮૯૦ | ૩૪૫૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૬૬૦ |
| ચણા | ૧૦૧૦ | ૧૧૬૦ |
| ઘઉં | ૪૧૦ | ૪૭૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૧ | ૧૮૨૧ |
| ઘઉં | ૪૦૧ | ૪૭૧ |
| બાજરો | ૪૫૬ | ૪૫૬ |
| જુવાર | ૪૦૧ | ૯૩૧ |
| મકાઈ | ૫૭૬ | ૫૭૬ |
| મગ | ૧૦૦૧ | ૧૬૦૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૨૬ |
| વાલ | ૩૪૧ | ૩૪૧ |
| તુવેર | ૭૦૧ | ૧૪૪૬ |
| મગફળી | ૬૦૧ | ૧૧૮૬ |
| શીંગદાણા | ૧૫૦૧ | ૧૮૬૬ |
| શીંગફાડા | ૧૩૦૧ | ૧૫૮૬ |
| એરંડા | ૧૧૯૬ | ૧૧૯૬ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૩૬૧ |
| તલ કાળા | ૧૩૦૧ | ૩૦૫૧ |
| મેથી | ૭૦૧ | ૧૨૪૬ |
| જીરૂ | ૧૪૭૫ | ૨૩૪૧ |
| ધાણા | ૧૨૦૧ | ૨૭૧૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૩૭૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ઉનાળુ મગડી | ૬૬૬ | ૧૫૨૬ |
| શીંગ મીનાક્ષી | ૧૧૭૩ | ૧૩૪૬ |
| શીંગ ૩૯ | ૧૦૭૮ | ૧૩૦૪ |
| શીંગ જી-૨૦ | ૧૦૯૨ | ૧૩૪૯ |
| એરંડા | ૧૨૦૦ | ૧૩૫૨ |
| જુવાર | ૪૫૦ | ૧૦૫૪ |
| બાજરી | ૩૮૪ | ૫૦૯ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૩૩ |
| મકાઈ | ૩૭૧ | ૪૦૭ |
| અડદ | ૧૦૫૧ | ૧૭૨૦ |
| મગ | ૧૧૦૦ | ૧૭૫૪ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૯૯ |
| ચણા | ૧૦૩૦ | ૧૧૬૪ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૦૩૫ | ૩૫૩૦ |
| તુવેર | ૧૧૭૬ | ૧૩૫૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ડુંગળી લાલ | ૯૭ | ૪૭૪ |
| ડુંગળી સફેદ | ૧૯૨ | ૪૫૧ |
| કપાસ શંકર | ૯૦૦ | ૧૬૫૮ |
| નાળીયેર | ૬૦૦ | ૨૭૪૬ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મગફળી નવી | ૧૧૦૦ | ૧૪૬૬ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૦૮ |
| ઘઉં | ૪૪૦ | ૫૦૦ |
| રાય | ૧૩૦૦ | ૧૫૩૫ |
| મેથી | ૮૦૦ | ૧૨૦૦ |
| જુવાર | ૭૦૦ | ૧૦૫૦ |
| મગ | ૧૩૫૦ | ૧૮૪૬ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૫૦૦ |


### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૧૦૦૦ | ૧૦૪૦ |
| બાજરો | ૨૬૫ | ૫૩૦ |
| ઘઉં | ૩૫૦ | ૫૧૬ |
| મગ | ૧૫૧૦ | ૧૪૨૫ |
| અડદ | ૧૨૯૦ | ૧૬૭૫ |
| તુવેર | ૫૦૦ | ૧૪૨૦ |
| વાલ | ૭૫૫ | ૧૦૫૦ |
| મેથી | ૧૨૫૫ | ૧૩૨૫ |
| ચણા | ૮૫૦ | ૧૧૭૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૭૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૩૦૦ | ૧૩૪૬ |
| તલ | ૧૫૦૦ | ૨૪૬૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૬૮૫ |
| રાયડો | ૧૧૦૦ | ૧૩૮૪ |
| રાઈ | ૧૨૦૦ | ૧૬૪૦ |
| લસણ | ૯૨૦ | ૨૦૮૦ |
| કપાસ | ૯૫૦ | ૧૭૫૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૧૫૦ |
| અજમો | ૨૭૪૫ | ૩૧૯૦ |
| અજમાની ભૂસી | ૨૦ | ૨૭૧૦ |
| ધાણા | ૨૩૦૦ | ૨૭૦૦ |
| ડુંગળી | ૮૫ | ૨૬૫ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૯૦૫ |
| વટાણા | ૪૯૫ | ૭૧૦ |
| કલોંજી | ૧૫૩૦ | ૩૩૦૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૦૦૦ | ૧૨૯૫ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૪૭૬ |
| તલ કાળા | ૧૯૦૦ | ૩૭૩૧ |
| તલ પીળા | ૨૧૫૧ | ૨૧૫૧ |
| કપાસ | ૧૦૩૦ | ૧૭૦૧ |
| બાજરો | ૩૫૫ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૩૫૫ | ૫૦૦ |
| જુવાર | ૬૦૦ | ૧૧૨૮ |
| મગ | ૧૪૮૦ | ૧૬૭૦ |
| અડદ | ૧૬૬૧ | ૧૭૫૧ |
| તુવેર | ૧૨૫૦ | ૧૨૮૧ |
| ચણા | ૭૭૬ | ૧૦૨૫ |
| એરંડી | ૧૦૩૧ | ૧૦૩૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૦૦ |
| શીંગદાણા | ૧૬૧૬ | ૧૭૨૫ |

## શબ્દ સંજોગ-૨૨૧૬



**આડી ચાવી :**
(૧) ડપકામાણ, ધમકી (૫)
(૪) ગુંજારવ (૩)
(૬) એક કઠોળ (૨)
(૭) ભરાવદાર, ઘર (૨)
(૮) એક ફરસાણ (૩)
(૧૦) આંખે આંજવાનું અંજન (૩)
(૧૧) રસકસ થી ભરેલું (૨)
(૧૨) અર્ક,સત્વ (૩)
(૧૪) જનક રાજાની પુત્રી (૩)
(૧૬) પાણી પહેલા બાંધો (૨)
(૧૭) શ્વાસ રૂંધવો તે (૪)
(૧૯) કાગડો (૩)
(૨૧) ટૂંકી બાય નું પહેરણ (૩)
(૨૨) વન , દાવાનળ (૨)
(૨૪) એક ખાટું ફળ (૩)
(૨૬) આમળો, આંટો (અ) (૨)
(૨૭) એક નંગ (૩)
(૨૮) એક વૃક્ષ (૩)

**ઉભી ચાવી :**
(૧) ઝાડ, વૃક્ષ (૪)
(૨) સાધુનો આશ્રમ (૩)
(૩)ઘુમટ,ઘુમ્મટ(૨)
(૪) હઠીલુ, અનાડી (૩)
(૫) દલ,સભ્યતા(૩)
(૯) કોમલને મધુર (૪)
(૧૦)એક જાતનો લીસો ચળકતો પથ્થર(૩)
(૧૨) અમદાવાદ નજીક આવેલું એક પક્ષી અભ્યારણ-સરોવર (૩)
(૧૩) નમવું તે (૬)
(૧૫) પગે ચાલતુ લશ્કર (૩)
(૧૬) એક પ્રકારનો દંડ (કસરત)(૪)
(૧૮) મુકામ,ઘર(૪)
(૧૯) ઋષિ કપૂર, શ્રીદેવીની એક ફિલ્મ(૨)
(૨૦) લાકડાં વહેરવાનું એક ઓજાર (૩)
(૨૩) ઝાકળ, ઓસો (૨)
(૨૫) પુષ્કળ(૨)

## શબ્દ સંજોગ-૨૨૧૫ જવાબ

**આડી ચાવી** : (૧) અલાઉ (૪) લક્ષઘા (૭) ને (૮) લંગર (૯)સરવર (૧૧) ગવ(વગ) (૧૨) માણ (૧૩) રીઝ (૧૪) ગવરી (૧૬) જ્યાં (૧૭) ળાક(કળા) (૧૯) ટાચકો (૨૧) ભાટ (૨૨) પાંડવ (૨૪) ટનેલ (૨૭) ગબ (૨૮) શરીક (૨૯) આળ (૩૦)ગદકું (૩૨) દીવાંધ (૩૪) કારખત (૩૫) લકવો. **ઉભી ચાવી** : (૧) અલંગ (૨) લાગવગ (૩) ઉર (૪) લસણ (૫) ક્ષર (૬) ધાવરી (૧૦) રઝલાટ (૧૨) મારીચ (૧૫) વટાવ (૧૮)ઉપાંગ (૨૦) કોટરી (૨૧) ભાલ (૨૩)ડબગર(૨૫) નેકદીલ (૨૬) સાળ (૨૮) શકુંતુ (૨૯) આદ્ય (૩૧) દખ (૩૩) વાંક.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# બાબરાના કોટડાપીઠામાંથી વિદેશી દારૂની ૧૩૨૦ બોટલો સાથે રૂ.૯.૩૫ લાખનો મુદ્દામાલ ઝડપાયો

બાબરા, તા.૧૭

અમરેલી જિલ્લામાં પોલીસની દારૂબંધીના કાયદા હેઠળની કડક કાર્યવાહીના ભાગરૂપે બાબરા પોલીસે એક મોટી સફળતા મેળવી છે. બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.આર. પરમારના માર્ગદર્શન હેઠળ કોટડાપીઠા આઉટ પોસ્ટના સ્ટાફે બાતમીના આધારે એક સફળ રેઈડ કરી હતી.




પોલીસે કોટડાપીઠાથી રાયપર ગામના જૂના માર્ગે આવેલી આરોપી પ્રવિણભાઈ મેપાભાઈ ચૌહાણની વાડીની ઓરડીમાં દરોડો પાડ્યો હતો. આ રેઈડ દરમિયાન ઓરડીમાંથી પાસ પરમીટ વગરનો ગેરકાયદેસર ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો.પોલીસે ઘટનાસ્થળેથી પંજાબમાં વેચાણ માટેની બે અલગ-અલગ બ્રાન્ડની કુલ ૧,૩૨૦ બોટલો જપ્ત કરી છે, જેની અંદાજિત કિંમત રૂા. ૯,૩૫,૭૫૮/- થાય છે. આ ગુનામાં ભાગીદારી કરનાર બંને આરોપીઓ પ્રવિણભાઈ ચૌહાણ અને મહાવિરભાઈ પટગીર રેઈડ દરમિયાન હાજર મળી આવ્યા ન હતા. આથી, પોલીસે બંને વિરૂધ્ધ પ્રોહિબિશન ધારા હેઠળ ગુનો નોંધી તેમને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# વડિયામાં બિનઅધિકૃત અનાજના જથ્થા પર દરોડો, રૂ. ૯૯ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત

અમરેલી,તા.૧૭

વડિયા મામલતદાર યોગેશ બારડને મળેલી બાતમીના આધારે વડિયાથી બરવાળા જતાં માર્ગ પર બિનઅધિકૃત અનાજનો જથ્થો લઈ જતું એક ટાટા ACE વાહન ઝડપાયું હતું. મામલતદારની સૂચનાથી ટીમે વાહન રોકી તપાસ કરતા તેમાં સરકારી વિતરણ પ્રણાલી સાથે સંકળાયેલ હોવાની શંકા ઉપજાવે એવો અનાજનો જથ્થો મળી આવ્યો હતો.



ત્યારબાદ વાહન અને અનાજને વડિયા મામલતદાર કચેરી ખાતે લાવી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૧૮૧.૧૮૦ કિલોગ્રામ ઘઉં, ૫૫૭.૫૫૦ કિલોગ્રામ ચોખા, ચણાના ૮ પેકેટ, તુવેરદાળના ૮ પેકેટ, એક વજનકાંટો અને ટાટા ACE વાહન સહિત કુલ રૂ. ૯૯,૪૧૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. અનાજને સરકારી ગોડાઉનમાં જમા કરાવવામાં આવ્યું છે, જ્યારે વાહન વડિયા પોલીસને સોંપવામાં આવ્યું છે. કાર્યવાહી દરમિયાન નાયબ મામલતદાર દીપક મકવાણા, મુખ્તારબિન શેખ અને સર્કલ ઓફિસર કુલદીપસિંહ સિંધવ હાજર રહ્યા હતા.

### અમરેલીમાં પાણીનો બગાડ કરનારાઓ સામે

# નગરપાલીકા ફોજદારી અને દંડાત્મક કાર્યવાહી કરશે

**પાલિકાની ટીમ કરશે આકસ્મિક ચેકિંગ, નિયમભંગ કરનારાઓનું નળ કનેક્શન કપાશે**

અમરેલી,તા.૧૭

અમરેલી નગરપાલિકા દ્વારા નાગરિકોને શુદ્ધ પાણી પૂરું પાડવા કરોડો રૂપિયાના ખર્ચે મહી-પરીએજ યોજના, વડી અને ઠેબી ડેમ આધારિત વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જોકે, કેટલાક વિસ્તારોમાં નળ ખુલ્લા રાખવા, વાહનો-આંગણા ધોવા કે ટાંકી ઓવરફ્લો થવા દેવી જેવી પ્રવૃત્તિઓથી હજારો લીટર પાણીનો બગાડ થતો હોવાનું પાલિકાના ધ્યાને આવ્યું છે, જે 'વોટર બાય-લોઝ' હેઠળ દંડનીય ગુનો છે.

આથી, પાલિકાએ પાણીનો ઉપયોગ માત્ર પીવા અને ઘરવપરાશ પૂરતો જ મર્યાદિત રાખવા કડક સૂચના આપી છે. વાહનો ધોવા ડાયરેક્ટ પાઈપલાઈનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકાયો છે અને લીકેજ તાત્કાલિક રીપેર કરાવવા જણાવાયું છે. હવેથી પાલિકાની ટેકનિકલ ટીમ પાણી વિતરણ સમયે આકસ્મિક ચેકિંગ કરશે. જો કોઈ મિલકતધારક પાણીનો વેડફાટ કરતા પકડાશે, તો તેની સામે સ્થળ પર જ ભારે આર્થિક દંડ કરવામાં આવશે. આ ઉપરાંત, વારંવાર નિયમભંગ કરનારનું નળ કનેક્શન પૂર્વ સૂચના વગર કાયમી ધોરણે કાપીને ફોજદારી કાર્યવાહી પણ હાથ ધરાશે.

**પાણીનો વેડફાટ કરનારાઓ સાવધાન!**

- પાણીનો ઉપયોગ માત્ર પીવા અને ઘરવપરાશ માટે જ કરવો.
- પાઈપલાઈન વડે વાહનો, મકાન કે રસ્તા ધોવા પર સંપૂર્ણ પ્રતિબંધ.
- સેનિટરી અને ટેકનિકલ ટીમ દ્વારા ગમે ત્યારે આકસ્મિક ચેકિંગ.
- નિયમભંગ બદલ સ્થળ પર જ ભારે આર્થિક દંડ અને વારંવાર ભૂલ કરવા પર નળ કનેક્શન કાયમી ધોરણે કટ થશે.

# બગસરામાં ખાનગી પ્લોટમાં સફાઈ કરવા બદલ મહિલા સદસ્યા સામે પાલિકામાં રજૂઆત

બગસરા,તા.૧૭

બગસરા નગરપાલિકા વોર્ડ નં.૨ના મહિલા સદસ્યા દ્વાર જુના બસ સ્ટેશન નજીક આવેલા ખાનગી પ્લોટમાં નગરપાલિકાના ખર્ચે સાફ-સફાઈ કરાવતા વિવાદમાં આવ્યા છે. જેથી પૂર્વ પાલિકા સદસ્ય મહેન્દ્ર પરમારે આ બાબતે ચીફ ઓફીસરને રજૂઆત કરી તપાસની માંગ કરી છે.ચીફ ઓફીસરને કરાયેલી રજૂઆતમાં જણાવાયુ છે કે મહિલા સદસ્યા દ્વારા નગરપાલિકાના ખર્ચે જેસીબી ચલાવી ખાનગી પ્લોટની સફાઈ કરેલ છે. જેમાં કેટલા કલાક જેસીબી ચાલ્યુ અને નગરપાલિકાના કેટલા કર્મચારીઓ આ કામમાં રોકાયા હતા? પ્રજાના ટેક્સના નાણાનો દુરોપયોગ થતો હોવાથી આ નાણા જે તે સદસ્ય પાસેથી વસુલ કરવા જો આ બાબતે યોગ્ય કાર્યવાહી નહી કરવામાં તો પ્રાદેશિક કમિશનર સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે ખાનગી પ્લોટની સફાઈ કરવાને બદલે પાલિકાએ પ્લોટ માલિકને નોટીસ આપી સફાઈ કરાવવાની હોય છે પરંતુ પાલિકા સદસ્યાએ પાલિકાના ખર્ચે સફાઈ કરાવતા લોકોમાં રોષનો માહોલ જાવા મળ્યો છે.

# જનક તળાવીયાની હાજરીમાં લાઠી અને બાબરામાં જન કલ્યાણ શિબિર યોજાઈ

અમરેલી,તા.૧૭

રાજ્ય સરકારની જનકેન્દ્રિત યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવાના હેતુથી લાઠી અને બાબરા શહેર ખાતે જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ઉપસ્થિત રહી વિવિધ વિભાગોના સ્ટોલની મુલાકાત લીધી અને લાભાર્થીઓ



સાથે સંવાદ કર્યો હતો. શિબિરમાં આધાર કાર્ડ, રેશનકાર્ડ, આરોગ્ય યોજનાઓ, સામાજિક સુરક્ષા પેન્શન, ખેડૂતલક્ષી યોજનાઓ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગની સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિવિધ વિભાગોના અધિકારીઓ દ્વારા સ્થળ પર જ અરજીઓ સ્વીકારી પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં નાગરિકોએ યોજનાઓનો લાભ મેળવવા અરજીઓ કરી હતી. ઉપસ્થિત લોકોએ સરકારની આ પહેલને આવકારી હતી અને એક જ સ્થળે વિવિધ સેવાઓ ઉપલબ્ધ થતાં સમય તથા ખર્ચની બચત થતી હોવાનું જણાવ્યું હતું.

# ઉનાના ઉમેજ ગામે ૩૦૦ વિઘા જમીન પરથી દબાણ હટાવવાની કામગીરી શરૂ

ઉના,તા.૧૭

ઉના તાલુકાના ઉમેજ ગામમાં આજે સવારથી કરોડો રૂપિયાની કિંમતી સરકારી જમીન પર થયેલા દબાણો દૂર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તંત્ર દ્વારા હાથ ધરાયેલું આ અભિયાન ૧૬થી ૧૯ તારીખ સુધી, એટલે કે ચાર દિવસ ચાલશે. કામગીરી માટે ચાર JCB મશીનો તૈનાત કરવામાં આવ્યા છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૨૧ પોલીસ કર્મચારીઓનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ઉપરાંત, આઠ તલાટી મંત્રી અને એક નાયબ મામલતદાર સ્થળ પર હાજર રહી કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા છે. કુલ ૩૦૦ વિઘા જમીન પરથી દબાણ દૂર કરાશે, જેમાં ગૌચર જમીન તેમજ ૩૦ વિઘાથી વધુ વિસ્તારમાં આવેલા આંબાના બગીચાઓનો પણ સમાવેશ થાય છે.



તસવીર : કૈલાસ ભટ્ટ

# બાબરાના ખંભાળાની સરકારી અને ગૌચર જમીન પર દબાણનો આક્ષેપ

બાબરા,તા.૧૭

બાબરાના ખંભાળા ગામે સરકારી, ગૌચર તથા ગ્રામ પંચાયત હસ્તકની જમીનો પર થયેલા કથિત ગેરકાયદે દબાણોના મુદ્દે ફરી એકવાર ચર્ચા જાગી છે. ગામના જાગૃત નાગરિક માવજીભાઈ સાગઠીયાએ આ મામલે કલેક્ટર, નાયબ કલેક્ટર, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી સહિતના સંબંધિત અધિકારીઓને અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી હોવાનો દાવો કર્યો છે. તેમની રજૂઆત મુજબ, ખંભાળા ગામમાં સરકારી અને ગૌચર જમીન પર કેટલાક ઈસમો દ્વારા વ્યાવસાયિક હેતુસર બાંધકામો કરવામાં આવ્યા હોવાનું તેમજ ખેતીની જમીનો પર પણ ગેરકાયદે કબ્જાઓ થયાના આક્ષેપ કરવામાં આવ્યા છે. રજૂઆતકર્તાનું કહેવું છે કે સંબંધિત વિભાગોના અધિકારીઓને આ અંગે જાણ હોવા છતાં આજદિન સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. હાલ આ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. સંબંધિત વિભાગો દ્વારા તપાસ બાદ જ સમગ્ર હકીકત સ્પષ્ટ થઈ શકશે.

# ગીર પૂર્વ વિસ્તારમાં સિંહ પાછળ પૂરપાટ બાઈક દોડાવતાં વન્યજીવ પ્રેમીઓમાં રોષ

ઉના,તા.૧૭

ગીરના સિંહની પજવણી કરતો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વન્યજીવ પ્રેમીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. પ્રાથમિક માહિતી મુજબ આ ઘટના ગીર પૂર્વની જસાધાર રેન્જ વિસ્તારમાં બની હોવાનું માનવામાં આવે છે. વાયરલ વીડિયોમાં એક બાઈકચાલક સિંહની પાછળ પૂરપાટ ઝડપે બાઈક દોડાવતો જોવા મળે છે, જેના કારણે સિંહ ભયભીત થઈ દોડતો નજરે પડે છે.



વન્યજીવ સંરક્ષણના નિયમોનું ઉલ્લંઘન કરતી આ ઘટનાની તપાસ કરી જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.


-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.141/2026
જન્મ તારીખ : 18/06/2002

શ્રી ભીખાભાઈ દાનાભાઈ મોરસીયા,
રહે.અરણેજ, ગામ-અરણેજ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત - અરણેજ, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભીખાભાઈ દાનાભાઈ મોરસીયા, રહે.અરણેજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ભીખાભાઈ દાનાભાઈ મોરસીયા તથા રખમણબેન ભીખાભાઈ મોરસીયા ના પુત્ર કૈલાશ ભીખાભાઈ મોરસીયાનો જન્મ તારીખ.18/06/2002 ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.167/2026
જન્મ તારીખ : 24/03/1969

શ્રી સોમા ગોવિંદ સોલંકી,
રહે.મુબઈ, ગામ-મુબઈ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલીકા - કોડીનાર, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સોમા ગોવિંદ સોલંકી, રહે.મુબઈ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ગોવિંદ સીના સોલંકી તથા નાનીબેન મશરીભાઈ સોલંકી ના પુત્ર સોમા ગોવિંદ સોલંકીનો જન્મ તારીખ.24/03/1969ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.122/2026
જન્મ તારીખ : 01/06/1973

શ્રી મોતીબેન ભગવાનભાઈ સિધ્ધપુરા,
રહે.મીતીયાજ, ગામ-મીતીયાજ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત - મિતીયાજ, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મોતીબેન ભગવાનભાઈ સિધ્ધપુરા, રહે.મીતીયાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ભગવાનભાઈ જીવાભાઈ સિધ્ધપુરા તથા મોતીબેન ભગવાનભાઈ સિધ્ધપુરા ના પુત્ર જીતુભાઈ ભગવાનભાઈ સિધ્ધપુરાનો જન્મ તારીખ.01/06/1973 ના રોજ કોડીનાર તાલુકાના મિતીયાજ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૦/૦૩/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં. જન્મ-મરણ કેસ-નં. 158/2026

પ્રતિ,
શ્રી બાબુભાઈ રાણાભાઈ મજેઠીયા,
રહે.દાંડી, ગામ-દાંડી, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એ.હાલાઈ તથા જી.એમ.મુંજાવર, નવી માર્કેટ, સહજાનંદ કોમ્પલેક્સ,
બીજો માળ, દુકાન નં. ૧૦ ...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, દાંડી, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના દાંડી ગામના રહીશ રમેશભાઈ બાબુભાઈ મજેઠીયા તથા શાંતુબેન રમેશભાઈ મજેઠીયાના પુત્રી વંદનાબેન રમેશભાઈ મજેઠીયાનો જન્મ તા.01/06/2006 ના રોજ ઉના તાલુકાના દાંડી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત, દાંડી, તાલુકો-ઉના સને-2006 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૮/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા//-**

અરજી નં.60/2026
જન્મ તારીખ : 01/06/1970

જીવીબેન કાનાભાઈ સોલંકી,
રહે.સોનપરા, તાલુકો-ગીરગઢડા,
જિલ્લો-ગીરસોમનાથ ...........અરજદાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સોનપરા, તા. ગીરગઢડા,
જિ. ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જીવીબેન કાનાભાઈ સોલંકી, રહે.સોનપરા, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પુત્રી લીલીબેન કાનાભાઈ સોલંકીનો જન્મ તારીખ.01/06/1970ના રોજ ગીરગઢડા તાલુકાના સોનપરા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમા ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

**વેરા ઘટાડાની રજુઆત અધ્યક્ષ સ્થાને કરાઈ બાદમાં તુરત જ યુ ટર્ન મારી કોર્ટ કેસનું બહાનું ધરાયુ**

# બગસરા પાલિકાની સામાન્ય સભામાં ૧૦.૫૦ કરોડના વિકાસ કામો મંજૂરી

બગસરા તા.૧૭



બગસરા નગર પાલિકાની સામાન્ય સભા બગસરા ટાઉન હોલ ખાતે પાલિકા પ્રમુખ નીરવ ગોંડલીયાના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં બગસરાના વિકાસના કામ માટે રૂ.૧૦.૫૦ કરોડના ખર્ચે વિવિધ કામો સર્વાનુમતેનો ઠરાવ પાસ કરવામાં આવ્યા હતા તેમજ અધ્યક્ષ સ્થાનેથી બગસરાનો વિવાદિત મુદ્દો વેરા ઘટાડવાનો મુદો રજૂ કરવામાં આવેલ તુરત જ યુ ટર્ન લઈ કોર્ટ મેટર હોઈ જેમાં ફેરફાર કરી શકીએ નહીંનું બહાનું ધરી બગસરા ચેમ્બર ઓફ કોમર્સ અને વેપારી સંસ્થાઓના દ્વારા કરાયેલ રજુઆતનો ઉલાળ્યો કર્યો હતો. અને બગસરાની પ્રજાએ રાખેલ વિશ્વાસનો વિશ્વાસઘાત થતા લોકોમાં ભારે રોસ જોવા મળી આવેલ હતો. ચેમ્બર દ્વારા જ કોર્ટમાં કેસ કરેલ છે ત્યારે ચેમ્બરના પ્રમુખ સદસ્ય તરીકે આ મિટિંગમાં હાજર હોવા છતાં આ કેસ પરત ખેંચવાની પણ જાહેરાત ન કરતા લોકોના વેરા ઘટાડવામાં ચેમ્બર જ આડ ખીલી રૂપ સાબિત થયું હતું. તેમજ આ બધાજ વિકાસના કામો સર્વાનુમતે બહાલી આપવામાં આવ્યા હતા તેમજ ૧૩ જેટલી નવી સમિતિની રચના કરવામાં આવી હતી તેમજ એજન્ડામા આપેલ તમામ મુદા સર્વાનુ મતે પસાર કરવામા આવેલ હતા તેમજ ૧૫ મા નાણા પંચ માથી ડોર ટુ ડોર કચરો ઉપાડવા માટે સાત નવી ગાડી તેમજ બે ભૂગર્ભ ગટરની સાફાઈ માટેની નવી ગાડીનું લોકાર્પણ બગસરા ધારી ધારા સભ્ય જે.વી. કાકડીયા તેમજ અમરેલી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરબાપુ તેમજ પાલિકા પ્રમુખ સહિતના સભ્યો દ્વારા લોકાર્પણ કરવામા આવેલ હતું.

# અમરેલીમાં બાળમજૂરી વિરોધી રેઈડમાં ૬ બાળ શ્રમયોગી ઝડપાયા

**હોટલ સહિત વિવિધ સંસ્થાઓમાં તપાસ, કાયદાકીય કાર્યવાહી શરૂ**

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લામાં બાળમજૂરી પ્રથા નાબૂદ કરવા જિલ્લા ટાસ્કફોર્સ સમિતિ દ્વારા બાળમજૂરી વિરોધી ઝુંબેશ અંતર્ગત વિશેષ રેડ યોજવામાં આવી હતી. મદદનીશ શ્રમ આયુક્તશ્રીની કચેરીના સંકલનમાં અમરેલી શહેરના વિવિધ વિસ્તારોમાં તપાસ હાથ ધરાઈ હતી. આ અભિયાનમાં શ્રમ વિભાગ, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ, જિલ્લા શિક્ષણ વિભાગ, નગરપાલિકા તથા બાળ સુરક્ષા એકમના અધિકારીઓ જોડાયા હતા. તપાસ દરમિયાન લાઠી રોડ સ્થિત હોટલ રસથાળ ખાતે ૬ તરુણ શ્રમયોગીઓ કામ કરતા હોવાનું સામે આવ્યું હતું. બાળ અને તરુણ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ની જોગવાઈઓના ભંગ બદલ સંચાલકોને નોટિસ ફટકારવામાં આવી છે. સંબંધિત સંસ્થા સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જિલ્લા ટાસ્કફોર્સ સમિતિએ બાળમજૂરી જેવી સામાજિક કુપ્રથા સામે સતત દેખરેખ અને સઘન તપાસ ચાલુ રાખવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે.

# સીએમની શિવકુમારની હાજરીમાં કર્ણાટક કોંગ્રેસના ધારાસભ્યોએ રિસોર્ટમાં મોક વોટિંગની તાલીમ લીધી






બેંગ્લુરૂ,તા.૧૭

કર્ણાટક વિધાન પરિષદની ૭ બેઠકોની ચૂંટણી પહેલાં, ક્રોસ વોટિંગ અને મતો અમાન્ય થવાના ડરથી કોંગ્રેસના ૧૩૫ ધારાસભ્યોને એક રિસોર્ટમાં રાખવામાં આવ્યા છે. ત્યાં મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારની દેખરેખ હેઠળ ધારાસભ્યોને 'મોક પોલિંગ' (નેટ પ્રેક્ટિસ) કરાવીને પ્રિફરેન્શિયલ વોટિંગ પ્રક્રિયાની તાલીમ આપવામાં આવી, જેથી કોઈ ટેકનિકલ ભૂલ ન થાય. ગુરુવારે સવારે તમામ ધારાસભ્યો રિસોર્ટથી સીધા મતદાન માટે વિધાનસભા જશે.

# વડોદરા નજીક ખાનગી બસ ટ્રક પાછળ ઘુસી જતા ૮ના મોત

વડોદરા,તા.૧૭

વડોદરાના કોટંબી સ્ટેડિયમ નજીક આજે વહેલી સવારે આશરે ચાર વાગ્યે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો.



રાજસ્થાનના બાંસવાડાથી સુરત જઈ રહેલી બાલાજી ટ્રાવેલ્સની લક્ઝરી બસ રોડ પર ઉભેલી એક ટ્રક પાછળ ધડાકાભેર અથડાઈ હતી. આ ભયાનક ટક્કરમાં એક નવ વર્ષના બાળક સહિત કુલ આઠ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા. આ ઉપરાંત અન્ય ૨૭ મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ એસ.ડી.આર.એફ., એન.ડી.આર.એફ. અને વડોદરા ફાયર વિભાગની ટીમો યુદ્ધના ધોરણે બચાવ કામગીરી માટે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. એન.ડી.આર.એફ.ની ટીમે આધુનિક કટિંગ ટુલ્સનો ઉપયોગ કરીને બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢ્યા હતા.

# શિવસેના UBTના ૭ સાંસદો ટૂંક સમયમાં શિંદે જૂથમાં જોડાશે !

મુંબઈ,તા.૧૭

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી મોટો ઉલટફેર જોવા મળી રહ્યો છે. શિવસેના (UBT) ના ૯ માંથી ૭ લોકસભા સાંસદોએ ઉદ્ધવ ઠાકરે સામે બળવો કર્યો છે. હાલમાં દિલ્હીમાં હાજર આ સાંસદો ટૂંક સમયમાં એકનાથ શિંદે જૂથમાં સામેલ થઈ શકે છે. બળવો કરનાર સાંસદોમાં ઓમરાજે નિંબાલકર અને સંજય દિના પાટિલ સહિત સાત નેતાઓ મુખ્ય છે.

ચૂંટણીઓમાં પક્ષનું નબળું પ્રદર્શન, ભંડોળનો અભાવ, મતવિસ્તારના વિકાસ કાર્યોમાં મુશ્કેલી અને નેતૃત્વ સાથેની કડી તૂટવી વગેરે અસંતોષના મુખ્ય કારણો છે. બીજી તરફ, ઉદ્ધવ જૂથના સાંસદ અરવિંદ સાવંત અને અનિલ દેસાઈએ લોકસભા સ્પીકરને પત્ર લખીને પક્ષના વ્હીપનું પાલન કરાવવા અને બળવાખોર જૂથને અલગ માન્યતા ન આપવા અપીલ કરી છે.

# કર્ણાટકમાં લોકાયુક્તના મોટા દરોડામાં આઠ અધિકારીઓ પાસેથી રૂ.૩૧ કરોડની સંપત્તિ મળી

કર્ણાટક,તા.૧૭



કર્ણાટક લોકાયુક્તે ભ્રષ્ટાચાર વિરૂદ્ધ મોટી કાર્યવાહી કરતા આઠ સરકારી અધિકારીઓના ૩૫ સ્થળો પર દરોડા પાડ્યા છે. બેંગલુરુ, દાવણગેરે, કાલાબુરાગી અને ચિકમગલુર સહિતના જિલ્લાઓમાં અધિકારીઓના ઘરો, ઓફિસો અને સંબંધીઓની મિલકતો પર આ તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ સંકલિત ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન દરમિયાન કુલ રૂ.૩૧.૧૧ કરોડથી વધુની અપ્રમાણસર સ્થાવર અને જંગમ સંપત્તિ શોધી કાઢવામાં આવી છે. જેમાં રૂ.૨૨.૭૩ કરોડની સ્થાવર (મકાન, પ્લોટ, ખેતીની જમીન) અને રૂ.૮.૩૮ કરોડની જંગમ (રોકડ, દાગીના, મોંઘા વાહનો, બેંક ડિપોઝિટ) મિલકતો સામેલ છે. ટાઉન પ્લાનિંગના અધિક નિયામક રાજન્ના એસ.એલ. પાસેથી સૌથી વધુ રૂ.૭.૧૦ કરોડની મિલકત મળી આવી છે. આ સિવાય અન્ય સાત વરિષ્ઠ અધિકારીઓ પણ તપાસના દાયરામાં છે. લોકાયુક્ત પોલીસ હાલમાં જપ્ત કરાયેલા નાણાકીય દસ્તાવેજો અને મિલકતના રેકોર્ડની વધુ તપાસ ચલાવી રહી છે.

# યુપીના બદાયૂંમાં ટ્રેક્ટરે ઈ-રિક્ષાને ટક્કર મારતાં ૬ મહિલાઓના મોત

લખનૌ,તા.૧૭

ઉત્તર પ્રદેશના બદાયૂં જિલ્લામાં મથુરા-બરેલી હાઈવે પર એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે. મકાઈ ભરેલી એક તેજ રફતાર ટ્રેક્ટર ટ્રોલીએ ઈ-રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. આ દર્દનાક અકસ્માતમાં ઈ-રિક્ષામાં સવાર ૬ મહિલાઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે બે પુરુષો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માત બાદ ટ્રેક્ટર ચાલક વાહન મૂકીને નાસી છૂટ્યો હતો.



આ ઘટના ઉઝાની પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. કાચલા ગામનો એક પરિવાર પુત્રના લગ્ન પ્રસંગે ઈ-રિક્ષામાં ઉજ્જૈનીના ગથૌના ગામે જઈ રહ્યો હતો. બરેલી-આગ્રા હાઈવે પર નિર્માણ કાર્ય ચાલુ હોવાથી માત્ર એક જ લેન ચાલુ હતી, જ્યાં સામેથી આવતા ટ્રેક્ટરે ઈ-રિક્ષાના કુચ્ચેકુચ્ચા ઉડાવી દીધા હતા. પોલીસે ઘાયલોને બદાયૂં મેડિકલ કોલેજમાં ખસેડ્યા છે. વહીવટીતંત્ર દ્વારા અકસ્માતની તપાસ માટે એડીએમ અને એસપી સિટીના નેતૃત્વમાં એક વિશેષ સમિતિની રચના કરવામાં આવી છે.

# તમિલનાડુ સરકાર પર હાલ રૂ.૧૩.૧૮ લાખ કરોડનું દેવુ

ચેન્નઈ,તા.૧૭



તમિલનાડુની મુખ્યમંત્રી વિજયના નેતૃત્વવાળી નવી સરકારે રાજ્યની આર્થિક સ્થિતિ પર 'શ્વેતપત્ર' બહાર પાડ્યું છે. નાણામંત્રી એન. મેરી વિલ્સનના જણાવ્યા મુજબ, રાજ્ય પર હાલ રૂ.૧૩.૧૮ લાખ કરોડનું કુલ દેવું છે, જેના કારણે તમિલનાડુમાં જન્મેલા દરેક બાળક પર સરેરાશ રૂ.૧.૨૮ લાખનું દેવું થઈ ગયું છે. પાછલી એમ.કે. સ્ટાલિન સરકારના સમયમાં દેવું રૂ.૪.૮ લાખ કરોડથી વધીને રૂ.૧૦ લાખ કરોડ સુધી પહોંચ્યું હતું.

શ્વેતપત્રમાં ચિંતા વ્યક્ત કરાઈ છે કે આ લોનનો ઉપયોગ વિકાસ કાર્યોને બદલે દૈનિક સરકારી ખર્ચ માટે થયો હતો. હવે સ્થિતિ એવી છે કે સરકારની રૂ.૧ ની કમાણીમાંથી ૨૨.૮ પૈસા માત્ર વ્યાજ ચૂકવવામાં જાય છે. તમિલનાડુના દેવાની ટકાવારી (૨૮.૩%) અન્ય રાજ્યો જેમ કે ગુજરાત અને મહારાષ્ટ્ર કરતા ઘણી વધારે છે.

# ઈઝરાયેલને લેબેનોન બાબતે વધુ ચેતવણી આપતા ડોનાલ્ડ ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૧૭

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જી-૭ સમિટ દરમિયાન ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ (બીબી)ની આકરી ટીકા કરી છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકા અને તેમના સમર્થન વિના ઈઝરાયલનું અસ્તિત્વ ટકી શક્યું ન હોત. અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ પ્રસ્તાવ પર કરાર થવાના એક કલાક પહેલા જ ઈઝરાયલે લેબનોન (બેરુત) પર હુમલો કરતા ટ્રમ્પ નારાજ થયા છે.

તેમણે નેતન્યાહૂને ચેતવણી આપતા કહ્યું કે આ હુમલા શાંતિ પ્રયાસોને નબળા પાડી શકે છે, તેથી હવે 'બીબી'એ વધુ સંયમ રાખવો પડશે અને જવાબદારીપૂર્વક વર્તવું પડશે. બીજી તરફ, ઈરાને કરાર માટે ઈઝરાયલી દળોને લેબનીઝ પ્રદેશોમાંથી હટાવવાની માંગ કરી છે, જેનો ઈઝરાયલે ઈનકાર કર્યો છે.

# અમરેલી જિલ્લામાં સિંહોના જીવલેણ હુમલાથી માનવ મૃત્યુની તપાસ તેજ

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લામાં સિંહો દ્વારા માનવીઓ પર સતત વધતા જતા જીવલેણ હુમલાની ઘટનાઓ હવે રાજ્ય સરકાર સુધી પહોંચી છે. રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીક સિંહના હુમલામાં પરપ્રાંતિય યુવકના મોતની ગંભીર ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.



પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ જૂનાગઢ વર્તુળના મુખ્ય વન સંરક્ષક (CF) રામ રતન નાલાએ કોવાયા ખાતે રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમની સાથે શેત્રુંજી ડિવિઝનના નાયબ વન સંરક્ષક (DCF) ચિરાગ અમીન સહિતના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વન વિભાગના વરિષ્ઠ અધિકારીઓએ મૃતક અંગે વિગતો મેળવીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સિંહ અને માનવ વચ્ચે કયા સંજોગોમાં ઘર્ષણ થયું તે અંગે વન વિભાગ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે.

# દેશના ૪૦% વિસ્તારોમાં વરસાદનો ઘટાડો નોંધાયો

નવી દિલ્હી,તા.૧૭

ભારતમાં ચોમાસાની આગળ વધવાની ગતિ અટકી ગઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દેશના ૪૦% વિસ્તારોમાં વરસાદમાં ઘટાડો થયો છે. સેટેલાઈટ તસવીરોમાં મધ્ય અને પશ્ચિમ ભારતના મોટા ભાગમાંથી વાદળો ગાયબ જોવા મળી રહ્યા છે.૧૭ જૂનની સવારે સેટેલાઈટ દ્વારા લેવાયેલી તસવીરોમાં મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને કર્ણાટકનું આકાશ સ્વચ્છ દેખાઈ રહ્યું છે. ચોમાસાની ધીમી ગતિને કારણે દેશના ૭૨૩ જિલ્લાઓમાંથી માત્ર ૧૦૩માં જ સામાન્ય વરસાદ થયો છે. તેનું મુખ્ય કારણ બંગાળની ખાડીમાં મજબૂત લો-પ્રેશર એરિયા એટલે કે ડિપ્રેશનનું ન બનવું છે.૪ જૂને કેરળમાં દસ્તક આપ્યા પછી ચોમાસું ૧૩ દિવસમાં ૧૯ રાજ્યો સુધી પહોંચી ગયું છે. ચોમાસું તેલંગાણાના ભદ્રાચલમમાં ૭ દિવસથી અટકેલું છે. આ કારણે છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં વરસાદમાં વિલંબ થયો છે.


**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.28/2026
જન્મ તારીખ : 15/09/1999

શ્રી ધીરૂભાઈ રામભાઈ મોરી,
રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-ડોળાસા, તા. કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ધીરૂભાઈ રામભાઈ મોરી, રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પત્ની મોતીબેન ધીરૂભાઈ મોરીનું મરણ તારીખ.15/09/1999 ના રોજ કોડીનાર તાલુકાના ડોળાસા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૬/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.147/2026
જન્મ તારીખ : 18/10/1973

શ્રી સુશીલા જેસિંગભાઈ મેર,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
નગરપાલીકા,કોડીનાર, તા. કોડીનારકોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સુશીલા જેસિંગભાઈ મેર, રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી જેસિંગભાઈ ધનાભાઈ મેર તથા કામરાબાઈ જેસિંગભાઈ મેર, ના પુત્રી સુશીલા જેસિંગભાઈ મેરનો જન્મ તારીખ.18/10/1973 ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૫/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-:: જાહેર નોટીસ ::-**

અમો નીચે સહી કરનાર શ્રી પ્રશાંત વી. ડાવરીયા એડવોકેટ, તથા રજનીક કે. બાંભરોલીયા એડવોકેટ, ઓફિસ નં.૨૪,૨૫, પટેલ સમાજ, પરબ રોડ, મામલતદાર કચેરી સામે, મુ.ભેંસાણ, તા.ભેંસાણ, જી.જુનાગઢ તે મારા અસીલ ની સુચના તેમજ ફરમાઈશ મુજબ તમામ જાહેર જનતાને નોટીસ ક્રમ ચેતવણી આપીએ છીએ કે,

અમરેલી જીલ્લાના કુંકાવાવ વડીયા તાલુકાના બાંટવા દેવળી ગામના રેવન્યુ સર્વે નં.૧૫૯/૨ પૈકી ૧ ની પીયત પ્રકારની ખેડવાણ હે.આ.ચો.મી.૧-૮૨-૧૧ વાળી ખેતીની જમીન ડોબરીયા સવિતાબેન ભીમજીભાઈના સ્વતંત્ર નામે અને ખાતે આવેલી છે. ઉપરોકત આ ખેતીની જમીન તેઓ પાસેથી મારા અસીલ ખરીદ કરવા માગે છે. આ અંગે કોઈ પણ ને વાંધો તકરાર કે માલીકી, કબજા સંબંધે કે આ જમીન અંગે કોઈ પણ વ્યક્તિને વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દીવસ-૧૦ માં અમોને જાણ કરશો. જો કોઈ વાંધો નહી આવે તો જે કોઈના પણ હ્કક કે હીત હશે તે જતા (વેઈવ) કરેલ માનવામાં આવશે અને મારા અસીલ પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈપણજના વાંધા મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આ જાહેર નોટીસથી તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ. જેની સૌએ સ્પષ્ટપણે નોંધ લેવી.

**સ્થળ:-ભેંસાણ,**
**તા.૧૭/૦૬/૨૦૨૬**

**પ્રશાંત વી. ડાવરીયા(એડવોકેટ)**
**રજનીક કે. બાંભરોલીયા (એડવોકેટ)**

**તે અમારા અસીલની સુચના તથા ફરમાઈશ થી**
**પ્રશાંત વી.ડાવરીયા (એડવોકેટ & નોટરી) મો.૭૯૯૦૩ ૮૬૩૫૭**
**રજનીક કે. બાંભરોલીયા (એડવોકેટ) મો.૮૧૨૮૧ ૯૨૯૦૬**
**ઓફીસ નં.૨૪,૨૫, પટેલ સમાજ, પરબ રોડ,**
**મામલતદાર કચેરી સામે,**
**મુ.ભેંસાણ, તા.ભેંસાણ, જી.જુનાગઢ**

# સીએમ ભુપેન્દ્ર પટેલના હસ્તે ૫૧ દ્વિચક્રી હેલ્થ યુનિટ અને ૯ મોબાઈલ હેલ્થ યુનિટનું લોકાર્પણ

અમદાવાદ,તા.૧૭

ગુજરાતના આદિવાસી અને પર્વતીય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને વધુ સુલભ બનાવવા માટે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ અને પ્રશંસનીય પહેલ કરી છે. ગાંધીનગર સચિવાલય સંકુલ ખાતેથી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાના હસ્તે ૫૧ દ્વિચક્રી



હેલ્થ યુનિટ અને ૯ મોબાઈલ હેલ્થ યુનિટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.રાજ્યના ઘણા અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારોમાં રસ્તાઓની મર્યાદિત સુવિધાને કારણે મોટા વાહનો પહોંચી શકતા નથી. આવી સ્થિતિમાં આ ખાસ દ્વિચક્રી હેલ્થ યુનિટ આરોગ્ય કર્મચારીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આરોગ્યકર્મીઓ જરૂરી દવાઓ, પ્રાથમિક સારવારની સામગ્રી અને તપાસના સાધનો સાથે સીધા લોકોના ઘર સુધી પહોંચી શકશે. આ ઉપરાંત મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા ગ્રામીણ નાગરિકોને ઘરઆંગણે જ ગુણવત્તાયુક્ત સારવાર મળશે, જેથી તેમણે શહેરો તરફ લાંબો ધક્કો નહીં ખાવો પડે.

# ઉંદર સહિત નાના પ્રાણીઓને પકડવા માટે વપરાતા ગ્લુ ટ્રેપ પર રાજ્ય સરકારનો પ્રતિબંધ

ગાંધીનગર,તા.૧૭

ગુજરાત સરકારે પ્રાણી કલ્યાણ અને તેમની પ્રત્યેની ક્રૂરતા રોકવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જેના અંતર્ગત રાજ્યમાં ઉંદર તેમજ અન્ય નાના પ્રાણીઓને પકડવા માટે વપરાતા ગ્લુ ટ્રેપ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ નવા નિયમ અનુસાર હવેથી ગ્લુ ટ્રેપનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને તેના ઉપયોગ પર સદંતર રોક



લગાવી દેવામાં આવી છે. વર્ષોથી ઘરો, ઓફિસો અને ગોડાઉનોમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા આ ચિપકતા ફંદામાં ફસાયેલા પ્રાણીઓ લાંબા સમય સુધી તડપીને અત્યંત પીડાદાયક રીતે મૃત્યુ પામે છે, જે પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમની વિરુધ્ધ છે. પ્રાણી અધિકાર સંગઠનોની લાંબા સમયની માંગણી બાદ સરકારે આ કડક પગલું ભર્યું છે. હવે જો કોઈ વ્યક્તિ, વેપારી કે સંસ્થા આ નિયમનો ભંગ કરશે તો તેની સામે સ્થાનિક પોલીસ અને જિલ્લા એસપીસીએ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પેસ્ટ કન્ટ્રોલ અને હાર્ડવેરના વેપારીઓએ હવે આ સ્ટોક દૂર કરીને ઉંદર પકડવાની અન્ય વૈકલ્પિક અને માનવતાવાદી પધ્ધતિઓ અપનાવવી પડશે.

# ભચાઉમાં ૩.૨ની તીવ્રતાનો આંચકાથી લોકોમાં ફફડાટ

ભુજ,તા.૧૭

ગુજરાતના સરહદી અને ભૂકંપ પ્રત્યે અત્યંત સંવેદનશીલ ગણાતા કચ્છ જિલ્લામાં ફરી એકવાર ભૂકંપનો આંચકો અનુભવાયો છે. આજે બપોરે બરાબર ૧૨:૩૯ કલાકે અચાનક જ ધરતી ધ્રુજી ઉઠતા સ્થાનિક લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. સિઝમોલોજી વિભાગના આંકડા મુજબ, રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૩.૨ નોંધાઈ છે અને તેનું મુખ્ય કેન્દ્રબિંદુ ભચાઉ નજીક હતું. આંચકો સામાન્ય કરતાં થોડો વધુ તેજ હોવાના કારણે સાવચેતીના ભાગરૂપે લોકો ઘરો, દુકાનો અને ઓફિસોની બહાર ખુલ્લા મેદાનમાં દોડી આવ્યા હતા. તીવ્રતા ૩ કરતાં વધુ નોંધાતા સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન તંત્ર પણ તુરંત સતર્ક બન્યું હતું. રાહતની વાત એ છે કે આ ભૂકંપથી ક્યાંય કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના સમાચાર નથી.

# વીજપોલ મામલે ખેડૂતોના હિતમાં ટૂંક સમયમાં નવી નીતિ આવશે : જીતુ વાઘાણી

રાજકોટ,તા.૧૭

ગોંડલ ખાતે યોજાયેલા એક મહત્વના ખેડૂત સંમેલનમાં કૃષિમંત્રી જીતુ વાઘાણીએ ખેડૂતોના હિતમાં એક મોટું નિવેદન આપ્યું છે. ખેતરોમાં વીજપોલ નાખવા અંગે ચાલી રહેલા વિવાદ મુદ્દે સરકારે ખેડૂતોને મોટી ખાતરી આપતા જણાવ્યું છે કે, ટૂંક સમયમાં જ તેમના હિતમાં એક કલ્યાણકારી નીતિની જાહેરાત કરવામાં આવશે. ભાજપ સરકારે ક્યારેય જગતના તાતનું અહિત વિચાર્યું નથી. જ્યાં સુધી વીજપોલ અંગે નવી સત્તાવાર જાહેરાત ન થાય, ત્યાં સુધી કોઈ પણ ખેડૂતને ખેતીકામમાં મુશ્કેલી ન પડે તેવી કડક સૂચના વહીવટી તંત્રને આપી દેવામાં આવી છે. મુખ્યમંત્રી



ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યના ઊર્જામંત્રી પોતે આ બાબતે સતત મોનિટરિંગ કરી રહ્યા છે. સરકાર એવી નીતિ ઘડી રહી છે જેનાથી રાજ્યના એક પણ ખેડૂતને આર્થિક કે વ્યવહારિક નુકસાન ન ભોગવવું પડે. આ નીતિ આખરી તબક્કામાં છે અને ટૂંક સમયમાં જ તેની સત્તાવાર જાહેરાત મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવશે. આ સંમેલન બાદ સ્થાનિક ખેડૂતોમાં વર્ષો જૂની વીજપોલની સમસ્યાનો કાયમી ઉકેલ આવવાની આશા જાગી છે.

# તળાજામાં પંથકમાં વિદ્યાર્થિની સાથે દુષ્કર્મના આરોપમાં શિક્ષકની ધરપકડ

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લાના તળાજા પંથકમાં એક ખાનગી શાળાના ગણિતના શિક્ષક કરણ વિનોદભાઈ પરમાર વિરુધ્ધ ધોરણ-૧૧ની સગીર વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચરવાનો ગંભીર આરોપ લાગ્યો છે.

આરોપી સોશિયલ મીડિયા દ્વારા સગીરાના સંપર્કમાં આવ્યો હતો અને તેને વિશ્વાસમાં લઈ તળાજા લાવ્યો હતો. આ સમગ્ર મામલો સગીરાના પરિવારને જાણવા મળતા પીડિતાની માતાએ અલંગ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ગણતરીના કલાકોમાં જ આરોપી શિક્ષકની ધરપકડ કરી લીધી છે અને કાયદાકીય જોગવાઈઓ હેઠળ ગુનો નોંધીને પુરાવા એકત્ર કરવા સહિતની આગળની તપાસ હાથ ધરી છે.

# રાજયની ત્રણ મહાનગરપાલિકાઓને બોમ્બની ધમકી મળતા ખળભળાટ, પોલીસનું સર્ચ ઓપરેશન

અમદાવાદ,તા.૧૭

ગુજરાતના ત્રણ મોટા શહેરો વડોદરા, સુરત અને જામનગરની મહાનગરપાલિકા કચેરીઓને બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈ-મેઈલ મળતા જ સમગ્ર રાજ્યના પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. વડોદરામાં મ્યુનિસિપલ કમિશનર અને મેયરના સત્તાવાર મેઈલ આઈડી પર આ ધમકીભર્યો સંદેશો મળતા જ ઉચ્ચ અધિકારીઓએ તુરંત પોલીસનો સંપર્ક કર્યો હતો. સુરત પાલિકા કચેરીમાં પણ આવો જ અજ્ઞાત ઈ-મેઈલ આવતા બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની મદદથી તપાસ શરૂ કરાઈ છે, જ્યારે સાયબર પોલીસે આઈપી એડ્રેસ ટ્રેસ



કરવાની કાર્યવાહી હાથ ધરી છે. જામનગરમાં પણ તંત્ર ત્વરિત એક્શન મોડમાં આવ્યું છે, જ્યાં મહાનગરપાલિકા બિલ્ડિંગના મુખ્ય પ્રવેશદ્વારો બંધ કરીને સામાન્ય લોકોની અવરજવર પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. એલસીબી, એસઓજી અને સ્થાનિક પોલીસની ટીમો દ્વારા દરેક વિભાગનું બારીકાઈથી સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે અને સમગ્ર બિલ્ડિંગમાં હાઈ એલર્ટ જાહેર કરાયું છે.

# રાજયમાં પાઠ્ય પુસ્તકની અછતને લઈ કોંગ્રેસના રાજય સરકાર પર પ્રહારો

અમદાવાદ,તા.૧૭

ગુજરાતમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થયાને ૧૦ દિવસ વીતી ગયા હોવા છતાં લાખો વિદ્યાર્થીઓ હજુ સુધી પાઠ્યપુસ્તકોથી વંચિત છે. કોંગ્રેસ પ્રવક્તા હેમાંગ રાવલે સરકાર પર પ્રહારો કરતા જણાવ્યું કે, ખાસ કરીને ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ પુસ્તકો વિના મુશ્કેલી ભોગવી રહ્યા છે. રાજ્યના



૨૦૮ સપ્લાય રૂટમાંથી માત્ર ૧૫ રૂટ પર જ પુસ્તકો પહોંચ્યા છે, જ્યારે બાકીના ૧૯૩ રૂટ અને ૪૦૦થી વધુ વિતરણ કેન્દ્રો ખાલી પડ્યા છે. ચોંકાવનારી બાબત એ છે કે બજારમાં વેચવાના પુસ્તકો સમયસર છપાઈ ગયા, પરંતુ સરકારી શાળાઓના ગરીબ, એસસી, એસટી અને આદિવાસી વિદ્યાર્થીઓ માટેના વિનામૂલ્યે પુસ્તકોનું છાપકામ હજુ અધૂરું છે. આ વહીવટી તંત્રની નિષ્ફળતા અને ગરીબ વિરોધી માનસિકતા દર્શાવે છે. જો આગામી દિવસોમાં યુદ્ધના ધોરણે આ સમસ્યા હલ નહીં થાય, તો કોંગ્રેસે શિક્ષણ વિભાગની પોલ ખોલતા વધુ પુરાવાઓ જાહેર કરવાની ચીમકી ઉચ્ચારી છે.

# દક્ષિણ ગુજરાતમાં જોરદાર વરસાદી ઝાંપટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી

નવસારી,તા.૧૭

ગત રાતથી નવસારીના આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયા બાદ આજે સવારે સર્કિટ હાઉસ અને કાળિયાવાડી જેવા વિસ્તારોમાં પવન સાથે વરસાદી ઝાપટાં પડ્યા હતા, જેનાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૭ અને ૧૮ જૂને સુરત, નવસારી, વલસાડ અને ડાંગ સહિતના દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ



વરસાદ પડી શકે છે. જોકે, ૧૯ થી ૨૨ જૂન દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં હવામાન સૂકું રહેવાની સંભાવના છે. ૧૫ જૂનની સત્તાવાર તારીખ વીતી ગઈ હોવા છતાં ચોમાસું પશ્ચિમી તટ પર સ્થિર હોવાથી તેની સાર્વત્રિક એન્ટ્રીમાં હજુ વિલંબ થઈ શકે તેમ છે.

# ગીરમાં ગેરકાયદે સિંહ દર્શન કરવા આવેલી મંત્રી લખેલી 'થાર' કબજે

ગીર સોમનાથ,તા.૧૭

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના મંડોર ગામની સીમમાં વન વિભાગે મોડી રાત્રે દરોડો પાડીને ગેરકાયદે સિંહ દર્શન કરાવવાનું મોટું કૌભાંડ ઝડપી પાડ્યું છે. વન વિભાગની સ્પેશિયલ ટીમને જોઈને સ્થળ પર હાજર લોકો અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યા હતા, પરંતુ વન વિભાગે એક મોપેડ અને નંબર પ્લેટ વગરની મહિન્દ્રા થાર કાર કબજે કરી છે. આ જપ્ત કરાયેલી થાર કારના આગળના કાચ પર 'મંત્રી, મોરબી શહેર ભાજપ' લખેલું બોર્ડ હોવાથી સ્થાનિક સ્તરે અનેક ચર્ચાઓ જાગી છે. વન્યજીવ પ્રેમીઓએ રાજકીય વગ ધરાવતા લોકો સામે પણ કડક નિયમો લાગુ કરવાની માંગ કરી છે. હાલ વન વિભાગ આરટીઓની મદદથી વાહનના ચેસિસ અને એન્જિન નંબરના આધારે તેના અસલી માલિકની શોધખોળ કરી રહ્યું છે.

# કિંજલ રબારી સાથે છુટાછેડાની અરજી બાદ અશોક ચૌધરી પર જીવલેણ હુમલો

**સમી પોલીસ સ્ટેશનમાં ચાર આરોપીઓ સામે ફરિયાદ નોંધાઇ**

રાધનપુર,તા.૧૭

ગુજરાતની પ્રખ્યાત લોક ગાયિકા કિંજલ રબારી અને અશોક ચૌધરીના પ્રેમ લગ્નનો વિવાદ ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. સામાજિક દબાણના કારણે બંને પરસ્પર સંમતિથી અલગ થયા બાદ કિંજલ રબારીએ રાધનપુર ફેમિલી કોર્ટમાં વિધિવત છૂટાછેડા માટે અરજી કરી હતી. ૧૫ જૂનના રોજ કોર્ટની મુદત પૂરી કરીને ગાડીમાં પરત ફરી રહેલા અશોક ચૌધરી પર ચાર અજાણ્યા ઈસમોએ તીક્ષ્ણ હથિયારો સાથે જાનલેવા હુમલાનો પ્રયાસ કર્યો હતો, જેમાં તેઓ આબાદ બચી ગયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ડિવોર્સના કાગળો પર સહી કરવા માટે કિંજલના પરિવાર તરફથી દબાણ કરાતું હતું, પરંતુ અશોકે સહી કરવાની મનાઈ કરતા આ હુમલો કરાયો હોવાનું મનાય છે. આ ઘટના અંગે અશોક ચૌધરીએ સમી પોલીસ સ્ટેશનમાં ૪ શખ્સો વિરુધ્ધ ગુનાહિત કાવતરું રચવા બદલ વિધિવત ફરિયાદ નોંધાવી છે અને પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.





